અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ એપ્રિલ ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ પૂનમ
વર્ષ : ૧૬
અંક : ૨૭૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૫૦મો વારાણસી પ્રવાસ

# વડાપ્રધાન મોદીએ બનારસને ૩૮૮૦ કરોડ રૂપિયાની ભેટ આપી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલીસ લાઇન ખાતે ટ્રાન્ઝિટ હોસ્ટેલ અને રામનગર અને ચાર ગ્રામીણ રસ્તાઓમાં પોલીસ બેરેકનું પણ ઉદ્ઘાટન કર્યુ હતું

। (એજન્સી) વારાણસી, તા.૧૧ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં છે અને પીએમની આ વારાણસીની ૫૦મી મુલાકાત છે. આ દરમિયાન, પીએમ મોદીએ હજારો કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું, તેમજ જાહેરસભાને સંબોધિત કરી. તેમજ પીએમ મોદીએ બનારસને ૩૮૮૦ કરોડ રૂપિયાની ભેટ આપી અને વારાણસીમાં રસ્તા, વીજળી, શિક્ષણ અને પર્યટન સંબંધિત ૪૪ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ શુક્રવારે કાશીમાં ૩૮૮૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. આ માહિતી આપતાં વારાણસીના વિભાગીય કમિશનર કૌશલ રાજ શર્માએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સમાં ગ્રામીણ વિકાસ પર કેન્દ્રિત યોજનાઓનો સમાવેશ થાય છે. આમાં ૧૩૦ પીવાના પાણીના પ્રોજેક્ટ્સ, ૧૦૦ નવા આંગણવાડી કેન્દ્રો, ૩૫૬ લાઈબ્રેરી, પિંદ્રા ખાતે પોલિટેકનિક કોલેજનું નિર્માણ અને સરકારી ડિગ્રી કોલેજનો સમાવેશ થાય છે. વિભાગીય કમિશનરે કહ્યું કે, પ્રધાનમંત્રીએ પોલીસ લાઈન ખાતે ટ્રાન્ઝિટ હોસ્ટેલ અને રામનગર અને ચાર ગ્રામીણ રસ્તાઓમાં પોલીસ બેરેકનું પણ ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર હતા. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, 'હું કાશીએ આપેલા પ્રેમનો ઋણી છું. કાશી મારી છે અને હું કાશીનો છું. છેલ્લા ૧૦ વર્ષમાં બનારસના વિકાસને નવી ગતિ મળી છે. આજે કાશી પ્રાચીન નથી, તે પ્રગતિશીલ પણ છે. કાશીએ વારસા સાથે સંતુલન જાળવીને આધુનિકતા અપનાવી છે.

**કાશીના દરેક રહેવાસીને આ યોજનાઓનો લાભ મળશે : પીએમ**



કાશી પૂર્વાંચલનો વિકાસ રથ ખેંચી રહી છે. પૂર્વાંચલમાં સુવિધાઓનો વિસ્તાર થઈ રહ્યો છે. કાશી ભારતની વિવિધતાનું સૌથી સુંદર ચિત્ર છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'આજે કાશીમાં ઘણા પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. કનેક્ટિવિટી, નળ પાણી અભિયાન, શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓના વિસ્તરણ અને દરેક ક્ષેત્ર, પરિવાર અને યુવાનોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે સંબંધિત ઘણા પ્રોજેક્ટ્સ. આ બધી યોજનાઓ પૂર્વાંચલના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ બનવા જઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'કાશીના દરેક રહેવાસીને આ યોજનાઓનો લાભ મળશે, આ માટે કાશી અને પૂર્વાંચલને અભિનંદન. મહાત્મા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેએ જીવનભર સ્ત્રી શક્તિના આત્મવિશ્વાસ અને તેમના સામાજિક કલ્યાણ માટે કાર્ય કર્યું. આજે, આપણે તેમના સંકલ્પોને આગળ ધપાવી રહ્યા છીએ.'

### નારાજગી વ્યક્ત કરી

## પીએમ નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર જ જિલ્લામાં ગુનાની ઘટનાઓ પર કડક વલણ અપનાવ્યું

। (એજન્સી) વારાણસી, તા.૧૧ ।

શુક્રવારે વારાણસી પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર જ જિલ્લામાં ગુનાની ઘટનાઓ પર કડક વલણ અપનાવ્યું હતું. તેમણે પોતાના વલણ દ્વારા સ્પષ્ટ કર્યું કે હવે ગુના પ્રત્યે કોઈ ઢીલ આપવામાં આવશે નહીં. આ તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીની ૫૦મી મુલાકાત હતી, પરંતુ આ વખતે તેમની પ્રાથમિકતા માત્ર વિકાસ પ્રોજેક્ટ્સ જ નહીં પરંતુ કાયદો અને વ્યવસ્થા પર નજર રાખવાની પણ હતી.

એરપોર્ટ પર પહોંચ્યા પછી, પીએમ મોદીએ શહેરમાં તાજેતરમાં બનેલી ગેંગરેપની ઘટના અંગે પોલીસ કમિશનર, ડિવિઝનલ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી સંપૂર્ણ રિપોર્ટ માંગ્યો. ૧૯ વર્ષની છોકરી પર ૨૩ લોકો દ્વારા ૭ દિવસ સુધી કથિત ગેંગરેપના મામલાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું છે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રીએ તાત્કાલિક એરપોર્ટ પર અધિકારીઓને બોલાવ્યા અને સ્પષ્ટ સૂચનાઓ આપી કે "ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે". આ પ્રસંગે પીએમ મોદીએ માત્ર શોક



વ્યક્ત કરવાની સાથે સ્પષ્ટપણે કહ્યું કે આવી ઘટનાઓને રોકવા માટે સિસ્ટમમાં કયા ફેરફારોની જરૂર છે તેના પર તાત્કાલિક કામ શરૂ થવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે કાશી ફક્ત વિકાસનું પ્રતીક જ નહીં પરંતુ સુરક્ષા અને સુશાસનનું મોડેલ પણ બનશે. ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રીએ નિર્દેશ આપ્યો છે કે તપાસ ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને દોષિતોને વહેલી તકે સજા આપવામાં આવે. અત્યાર સુધીમાં ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, અને અન્યની શોધ ચાલુ છે. પોલીસનું કહેવું છે કે પીડિતાને નશીલી દવા પીવડાવીને અલગ અલગ હોટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેની પર વારંવાર બળાત્કાર થયો.

## સેન્સેક્સ ૧૩૦૦ પોઇન્ટના ઉછાળે બંધ, નિફ્ટી ૨૨૮૦૦ ક્રોસ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

શેરબજારમાં ટ્રમ્પ દ્વારા ટેરિફમાં ૯૦ દિવસની રાહતની ધમાકેદાર અસર જોવા મળી છે. સેન્સેક્સ આજે ઈન્ટ્રા ડે ૧૬૨૦.૧૮ પોઈન્ટના ઉછાળા બાદ અંતે ૧૩૧૦.૧૧ પોઈન્ટના ઉછાળે ૭૫૧૫૭.૨૬ પર બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડી ૭.૮૧ લાખ કરોડ વધી છે. બુધવારે બીએસઈ માર્કેટ કેપ રૂ. ૩૯૩.૮૨ લાખ કરોડથી વધી આજે ૪૦૧.૫૪ લાખ કરોડ થયું છે. ટ્રમ્પ દ્વારા બુધવારે ૭૦થી વધુ દેશોને રેસિપ્રોકલ ટેરિફના અમલીકરણમાં ૯૦ દિવસની રાહત આપતાં વૈશ્વિક શેરબજારોમાં આકર્ષક ઉછાળો જોવા મળ્યો હતો. જેના સથવારે આજે ભારતીય શેરબજારમાં પણ તેજી જોવા મળી હતી. ટ્રમ્પની આ રાહતથી ભારતના અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર મામલે આશાનું કિરણ જોવા મળ્યું છે. આ કરાર માટે ભારતને વધુ ૯૦ દિવસનો સમય મળ્યો છે. જોકે બીજી તરફ ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડવૉરની સ્થિતિ સતત વણસી રહી હોવાથી વૈશ્વિક અનિશ્ચિતતાઓના વાદળો યથાવત્ છે. બીએસઈ ખાતે આજે માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ જોવા મળી હતી.

### ચીનનો ટ્રમ્પને તેમની જ ભાષામાં જવાબ

## અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કરવાની જાહેરાત

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉર ચરમસીમાએ પહોંચી ગયું છે. અમેરિકા ચીન પર એક પછી એક ટેરિફ ઝીંકી રહ્યું છે, ત્યારે વળતો જવાબ આપતાં ચીન પણ અમેરિકા પર ટેરિફ લાદી રહ્યું છે. ટ્રમ્પે ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યાના ૨૪ કલાકમાં ચીને અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ વધારીને ૧૨૫ ટકા કર્યો છે. આ નવો ટેરિફ શનિવારથી અમલમાં મૂકાશે. ટ્રમ્પે અગાઉ નવ એપ્રિલના રોજ ચીનના સામા જવાબના કારણે ૧૪૫ ટકા ટેરિફ જ્યારે અન્ય ૭૦થી વધુ દેશોને ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ટ્રમ્પના આ નિર્ણયથી ચીને ભયભીત થવાના બદલે વળતો પ્રહાર કરવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે, ટ્રમ્પના ચીન પ્રત્યેના આકરા વલણ વચ્ચે અહેવાલો આવ્યા



હતા કે, વિશ્વની બે મહાસત્તા ટ્રેડવૉર મુદ્દે વાટાઘાટો કરવા તૈયાર છે. એવામાં ચીનનું આ પગલું ટ્રેડવૉરની આગને ઓલવવાના બદલે વધુ હવા આપી શકે છે. બેઈજિંગના સ્ટેટ કાઉન્સિલ ટેરિફ કમિશને જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ચીન પર અયોગ્ય ઊંચા ટેરિફ લાદવાની કવાયત આંતરરાષ્ટ્રીય વેપાર નિયમોનું ગંભીરપણે ઉલ્લંઘન કરે છે. જે સામાન્ય આર્થિક કાયદા પર પણ હુમલો કરે છે. ટેરિફના કારણે આયાતકારો માટે હવે અમેરિકાની પ્રોડક્ટ્સ લોકપ્રિય રહી નથી.

**શી જિનપિંગે કરી માંગ**

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે "એકપક્ષીય ગુંડાગીરી"ને પ્રતિકાર આપવાં યુરોપિયન યુનિયનને બેઈજિંગ સાથે હાથ મિલાવવા અપીલ કરી હતી. આ અપીલના થોડા કલાકો બાદ તેમણે અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કર્યો હોવાની જાહેરાત કરી હતી. જિનપિંગે કહ્યું કે, ચીન અને યુરોપ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવા માટે સજ્જ છે અને સંયુક્તપણે એકપક્ષીય ગુંડાગીરીને આકરો પડકાર આપી શકે છે. આ જોડાણ આપણા અધિકારો અને હિતોની સુરક્ષા જ નહીં પણ આંતરરાષ્ટ્રીય પારદર્શિતા અને કાયદાની રક્ષા માટે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૪૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત બાદ જણાવ્યું હતું કે, 'તેઓ ચીન સાથે ડીલ કરવા તૈયાર છે, વિશ્વની ટોચની બે આર્થિક મહાસત્તા ધરાવતા દેશો ટ્રેડવૉર મુદ્દે યોગ્ય ઉકેલ લાવી શકે તેમ છે.


### ચારધામ યાત્રા માટે વિદેશીઓમાં અનેરો ઉત્સાહ

## ચારધામ યાત્રા માટે અમેરિકામાંથી ૩૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૧૧ ।

હિન્દુઓ માટે અત્યંત મહત્ત્વની ગણાતી ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ થઈ ચૂક્યા છે. જેના માટે ભારત જ નહીં પણ વિદેશોના શ્રદ્ધાળુઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. ચારધામ યાત્રા માટે અમેરિકામાંથી સૌથી વધુ ૩૨૦૦ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બીજા નંબર પર નેપાળના આશરે ૧૮૦૦ શ્રદ્ધાળુઓ જ્યારે ત્રીજા ક્રમે મલેશિયામાંથી ૧૪૦૦ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગતવર્ષે ૪૯૫૫૬ વિદેશી શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કર્યા હતાં.

ઉત્તરાખંડમાં ૩૦ એપ્રિલથી શરૂ થનારી ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી શરૂ થઈ ચૂક્યા છે. ઉત્તરાખંડ પર્યટન વિકાસ પરિષદે ચારધામ યાત્રા-૨૦૨૫માં શ્રદ્ધાળુઓની સુવિધા



અને સુરક્ષા માટે ૨૦ માર્ચથી ઓનલાઈન આધાર તથા પાસપોર્ટ આધારિત રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી હતી. જેથી મર્યાદિત સંખ્યા સાથે શ્રદ્ધાળુઓ સુવિધાજનક દર્શનનો લ્હાવો લઈ શકે.

ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ ૩૦ એપ્રિલથી ખુલ્લા મુકાશે. જ્યારે ૨ મે, ૨૦૨૫ના રોજ કેદારનાથ અને ૪ મેના રોજ બદ્રીનાથ ધામના કપાટ ખુલશે. આ સાથે ચારધામ યાત્રા પૂર્ણ સ્વરૂપે શરૂ થશે.

## ભાજપનું તમિલનાડુમાં AIADMK સાથે ગઠબંધન

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહે આજે તમિલનાડુની મુલાકાત દરમિયાન AIADMKના નેતા ઈ પલાનીસ્વામી સાથે ગઠબંધન કર્યું હોવાની જાહેરાત કરી છે. તેમણે ઈ પલાનીસ્વામી અને ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈ સાથે બેઠક યોજી મીડિયા સમક્ષ આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં AIADMK-BJP વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી છે. અમિતશાહે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને AIADMK ગઠબંધન સાથે મળી રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી




લડશે. તેમજ તમિલનાડુમાં AIADMKના નેતાની આગેવાની હેઠળ ચૂંટણી લડવામાં આવશે. વડાપ્રધાન મોદી અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાએ સાથે મળી અનેક વર્ષો સુધી રાષ્ટ્રીય સ્તરે રાજકારણમાં કામ કર્યું છે.વધુમાં શાહે કહ્યું કે, અમે ડીએમકે માટે કોઈ તક નહીં આપીએ. અમે પલાનીસ્વામીના નેતૃત્વમાં ચૂંટણી લડીશું. મને વિશ્વાસ છે કે, આગામી દિવસોમાં યોજાનારી ચૂંટણીમાં એનડીએનો ફરીથી પ્રચંડ બહુમતિ સાથે વિજય થશે. અને તમિલનાડુમાં ફરી એકવાર એનડીએની સરકાર બનશે. તમિલનાડુની અંદર ડીએમકે પાર્ટી સનાતન ધર્મ, ત્રણ ભાષા નીતિ જેવા અનેક મુદ્દાઓનો વિરોધ કરી રહી છે. જેનો ઉદ્દેશ પ્રજાને મુખ્ય મુદ્દાઓથી ગેરમાર્ગે દોરવાનો છે. આગામી ચૂંટણીમાં અમે ડીએમકે સરકારના ભ્રષ્ટાચાર, કાયદો-વ્યવસ્થા, દલિતો અને મહિલાઓ પર અત્યાચારના મુદ્દાઓ પર લોકોનું ધ્યાન દોરી મત માગીશું.

## કોંગ્રેસ નેતા કન્હૈયા કુમારની પટણા પોલીસે અટકાયત કરી

। (એજન્સી) બિહાર, તા.૧૧ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવાસ સ્થાને દેખાવો કરવા જઈ રહેલાં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમારની પટણા પોલીસે અટકાયત કરી છે. પોલીસે કન્હૈયાની સાથે સાથે યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદયભાન અને સ્ટેટ પ્રેસિડન્ટ ગરીબદાસ સહિત ૩૦થી વધુ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી છે. મુખ્યમંત્રી આવાસ પર દેખાવો કરવા જઈ રહેલાં કોંગ્રેસના કાર્યકરોને અટકાવવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. પરંતુ કોંગ્રેસે પીછેહટ ન કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરાયા બાદ મામલો થાળે પડ્યો હતો. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવાસ સ્થાને દેખાવો કરવા જઈ રહેલાં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમારની પટણા પોલીસે અટકાયત કરી છે.

## કે.એલ. રાહુલની સેલિબ્રેશન સ્ટાઈલ વાઈરલ, કોહલીને મેદાનમાં આપ્યો જવાબ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

IPL 2025માં ૧૦મી એપ્રિલે દિલ્હી કેપિટલ્સ અને આરસીબી વચ્ચે જોરદાર મેચ રમાઈ હતી. આ મેચમાં કે.એલ. રાહુલે એકલા હાથે દમદાર બેટિંગ કરીને આરસીબીથી જીત આંચકી લીધી હતી. રાહુલે ૫૩ બોલમાં ૯૩ રનની ઈનિંગ રમીને બોલરોનો પરસેવો છોડાવી દીધો હતો. જો કે મેચ દરમિયાન એક એવી ઘટના બની જેને લઈને સૌ કોઈ ચર્ચા કરવા લાગ્યા છે. આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયો અનુસાર વિરાટ કોહલી આરસીબીની ટીમ દ્વારા વિકેટ ઝડપવામાં આવતા સેલિબ્રેશન કરતો દેખાય છે. જો કે આ દરમિયાન તે જાણે રાહુલને ડિસ્ટ્રેક્ટ કરવા માગતો હોય એ રીતે એની બાજુમાંથી સેલિબ્રેશન કરતો નીકળે છે. કદાચ આ વાત રાહુલને દિલ પર લાગી ગઈ અને પછી તેણે એકલા હાથે આરસીબી ટીમના ખેલાડીઓની



ધોલાઈ કરીને મેચ આંચકી લીધી હતી. એટલું જ નહીં, મેચમાં દમદાર પરફોર્મન્સ બાદ 'ધીસ ઈઝ માય ટેરિટરી' સ્ટાઈલમાં રાહુલે સેલિબ્રેશન કરીને કોહલીને જોરદાર જવાબ આપતો હોય તેવું લાગ્યું હતું.

## યુપી-બિહારમાં ૮૩ના મોતઃ ૧૦ રાજ્યોમાં વાવાઝોડાની આગાહી

। (એજન્સી) બિહાર, તા.૧૧ ।

દેશમાં ભરઉનાળે વરસાદ કાળ બન્યો છે. એવામાં એક તરફ સખત ગરમી છે અને બીજી તરફ વરસાદનો કહેર છે. દેશભરમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. પશ્ચિમી વિક્ષોભ સક્રિય છે, તેની અસર જોવા મળી રહી છે. ઘણાં રાજ્યોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, ધૂળની આંધી ફૂંકાઈ હતી અને વરસાદ પડ્યો હતો. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ૧૦ એપ્રિલે યુપી-બિહારમાં વાવાઝોડાને કારણે ૮૩ લોકોના મોત થયા હતા. આમાંથી ૬૧ બિહારથી અને ૨૨ યુપીમાં થયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે પણ જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, કેરળ, તમિલનાડુ, આસામ, મેઘાલયમાં



તોફાની પવન સાથે વીજળી પડવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. તેમજ આગામી બે દિવસ હવામાન આવું જ રહેવાની શક્યતાઓ છે. ૧૨ એપ્રિલનાં રોજ ગુજરાત, મધ્યપ્રદેશમાં તાપમાન ૪૦-૪૫ ડિગ્રીની આસપાસ રહેશે.

## શેર માર્કેટમાં રોકાણ કરવાના બહાને ઠગાઇ કરતી ટોળકીના ૪ની દિલ્હીથી ધરપકડ

। (માહિતી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા સાયબર ક્રાઈમને પણ આવીજ એક ફરીયાદ મળી હતી. જેની તપાસ કરતા રેલો દિલ્હી સુધી પહોંચ્યો હતો. જ્યાં વડોદરા સાયબર ક્રાઈમે છેલ્લા ઘણા દિવસોથી ડેરો નાખી તપાસ ચલાવી આખરે સાયબર ળોડ કરતી ટોળકીના ચાર સાગરીતોને ઝડપી પાડવામામં સફળતા મળી હતી.વડોદરા સાયબર ક્રાઈમમાં એક ફરીયાદ નોંધાઈ હતી. જેમાં ફરીયાદીને એક વ્હોટએપ ગૃપમાં જોડવામાં આવ્યાં હતા. આ ગૃપમાં શરે માર્કેટમાં રોકાણ અંગેની ટીપ્સ આપવામાં આવતી હતી. ત્યારબાદ તેઓને બનાવટી એપ્લિકેશન પર રજીસ્ટ્રેશન કરાવી, શરૂઆતમાં ટ્રેડીંગ મારફતે બનાવટી એપ્લિકેશનમાં નફો બતાવવામાં આવતો હતો. નફો બતાવી વિશ્વાસ કેળવ્યા બાદ તેઓ પાસેથી વધુ રોકાણ કરાવી એપ્લિકેશન મારફતે આઇ.પી.ઓ એલોટમેન્ટ લાગ્યો હોવાની માહિતી પુરી પાડવામાં આવતી હતી.આમ જુદી જુદી કંપનીના શેર ખરીદવા તેમજ આઇ.પી.ઓ ખરીદવાના બહાને રૂ. ૧૫,૭૦,૦૦૧ની રકમ અલગ અલગ બેન્ક ખાતામાં ભરાવી રૂ. ૨ લાખ તેઓના બેન્ક ખાતામાં પરત જમા કરાવી વિશ્વાસમાં લઈ બાકીના નાણા પરત ન કરી રૂ. ૧૩,૭૦,૦૦૧ની નાણાકીય છેતરપીંડી કરી હોવાની ફરીયાદ નોંધાવી હતી. જેથી વડોદરા સાયબર ક્રાઈમની ટીમ ટેકનિકલ સોર્સ મારફતે તપાસ શરૂ કરતા દિલ્હી કનેક્શન બહાર આવ્યું હતુ. જેથી વડોદરા સાયબર ક્રાઈમની એક ટીમ છેલ્લા ઘણા દિવસોથી દિલ્હીમા ધામા નાખી તપાસનો દોર ચલાવ્યો હતો.

### હોટલના રિવ્યુ આપવાના બહાને નાણાં આપી યુવકને લલચાવ્યો

# ટેલિગ્રામમાં ટ્રેડિંગ કરનાર ગુંજાના યુવકના રૂ. ૪.૧૦ લાખ ડુબી ગયા

### પોલીસે યુવક સાથે ઓનલાઈન આર્થિક છેતરપિંડી કરનાર ટેલીગ્રામ લીંકના અજાણ્યા એડમીન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

। (માહિતી) મહેસાણા, તા.૧૧ ।

વિસનગર તાલુકાના ગુંજા ગામના અને મ્છના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા યુવકને નાણાં કમાઈ લેવાની લાલચે ટેલિગ્રામની લિંકથી ટ્રેડીંગ કરવાનું ભારે પડ્યું છે. ટેલીગ્રામ લિંકની હેન્ડલર રાખી નામની વ્યક્તિએ વિશ્વાસમાં લઈ ટ્રેડિંગ કરાવતાં યુવકને રૂ. ૪.૧૦ લાખ ખોવાનો વારો આવ્યો છે. યુવકે ૧૯૩૦ નંબર ઉપર ફરિયાદ આપતાં વિસનગર તાલુકા પોલીસે ટેલિગ્રામ લિંકના અજાણ્યા એડમીન સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વિસનગરના ગુંજા ગામના કસ્બાવાસમાં પરિવાર સાથે રહેતો અને વિસનગરની MN કોલેજમાં BAના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો ૨૦ વર્ષિય નૌમાનખાન ઈજાજખાન કુરેશી પોતાના મોબાઈલમાં વોટ્સએપ ટેલીગ્રામ એપ્લીકેશનનો ઉપયોગ કરતો હોઈ તેને ગત માર્ચ મહિનામાં એક અજાણ્યા વોટ્સએપ નંબરથી હોટલ રિવ્યુ કરવા માટે મેસેજ તેમજ હોટલની લીંક આવી હતી. આ લીંક ખોલતા રિવ્યુ આપ્યા બાદ યુવકના બેન્ક ખાતામાં રૂ. ૨૦૫ જમા થયા હતા. ત્યારબાદ અવાર-નવાર લીંકના આધારે યુવક નાણાં કમાતા તેને વધુ લાલચ જાગી હતી. ત્યારબાદ પાછળથી આવેલી ટ્રેડીંગની લીંકના આધારે યુવક પોતાની ગુગલ આઈડીથી ટેલગ્રામ ગ્રુપમાં ઓનલાઈન જોડાયો હતો.ત્યારબાદ યુવકે ઓનલાઈન ટ્રેડીંગ કરતા કરતા રૂ. એક લાખ જેટલી રકમ Coinstreo.cc ટ્રેડીંગ લીંકમાં જમા બતાવતા હતા. આ રકમ ઉપાડવા યુવકે ગ્રુપમાં મેસેજ કરતા તેને t.me/rakhiwork લીંક મોકલી આપી વાત કરવાનું જણાવ્યું હતું. જેથી તેણે વાત કરતા તે કાયમી ગ્રાહક ન હોવાથી નાણાં ઉપાડવા બીજા રૂ. ૨.૧૦ લાખ જમા કરવવાનું કહ્યું હતું.

### પરિચિત દંપતીએ જ લગ્નની લાલચે યુવાનને ફસાવ્યો હતો

# કડીમાં લગ્નના ૧૩ દિવસ બાદ દુલ્હન ઘરમાંથી રોકડ-દાગીના ચોરી રફુચક્કર

### પોલીસે મહારાષ્ટ્રની ઠગ દુલ્હન સહિત સાત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

। (એજન્સી) મહેસાણા, તા.૧૧ ।

કડીમાં રહેતા યુવાનને મહારાષ્ટ્રની યુવતી સાથે લગ્ન કરી અપાવવા પેટે વચોટિયાઓએ રૂ. બે લાખ લઈ અને લગ્નના તેર દિવસ બાદ ઘરમાંથી રૂ. એક લાખ તથા દાગીના લઈ દુલ્હન રફુચક્કર થઈ ગઈ હતી. કડી પોલીસ મથકે ૭ સામે ગુનો નોંધાયો છે. કડીના કલ્યાણપુરા રોડ પર અષ્ટવિનાયક રેસીડન્સીમાં પરિવાર સાથે રહેતા ૩૫ વર્ષિય નીતિનકુમાર પટેલના લગ્ન માટે તેમના પિતા રાજેન્દ્રભાઈને નાનીકડીની આશીર્વાદ રેસીડન્સીમાં રહેતા નરસિંહ પ્રહલાદભાઈ પટેલ અને પત્ની વૈશાલીએ મહારાષ્ટ્રના થાણેના માજીવડા રોડ પર આવેલ રીદ્ધી-સીદ્ધી એપાર્ટમેન્ટમાં રહેતી વૃષાલી અરૂણ પરાડની વાત કરી હતી. ત્યારબાદ બન્ને પક્ષે સહમતી બાદ ગત ૮મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કડીના ભવપુરામાં આવેલ ઉમિયા માતાના મંદિરમાં યુવતીના પરિચિત સુનીતા દીલીપ સાલ્વેની હાજરીમાં બંનેનાં લગ્ન થયાં હતાં. આ લગ્નના ખર્ચ પેટે રૂ. બે લાખ આપી કરાર લેખ પણ કરાવ્યો હતો.મહારાષ્ટ્રની દુલ્હન લગ્નના તેર દિવસ નીતિનકુમાર પાસે રહ્યા બાદ તક મળતાં ઘરમાંથી રૂ. એક લાખ તથા દાગીના લઈ વતનમાં રફુચક્કર થઈ ગઈ હતી. નીતિનભાઈના પિતાએ કોયડાના બળદેવભાઈને મધ્યસ્થી કરવા રૂ.૨૫ હજાર અને ત્યારબાદ સમાધાન કરી કાયદાકીય છુટ્ટાછેડા લેવા વકીલ ભરત ચાવડા અને ભાવેશ રાઠોડે નિયત ફી લઈ સામાવાળા પાસેથી રૂ. ત્રણ લાખ અપાવવાનો વાયદો કર્યો હતો. પરંતુ, કન્યા કે નાણાં પરત ન મળતાં છેતરપિંડીનો ભોગ બનનાર નીતિનકુમારે કડી પોલીસ મથકે નાનીકડીની આશીર્વાદ રેસીડન્સીમાં રહેતા નરસિંહભાઈ પ્રહલાદભાઈ પટેલ અને પત્ની વૈશાલી નરસિંહભાઈ પટેલ, વૃષાલી અરૂણ પરાડ (રિદ્ધી-સિદ્ધી એપાર્ટમેન્ટ, માજીવડા રોડ, થાણે, મહારાષ્ટ્ર), સુનીતા દીલીપ સાલ્વે, બળદેવ પટેલ, ભરત ચાવડા તેમજ ભાવેશ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.

### ઘટનાને અંજામ આપીને આરોપી ફરાર થઈ ગયા હતા

# સરદારનગરમાં સવા મહિના પહેલા થયેલી યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

### ક્રાઇમ બ્રાન્ચે હત્યા કરનારા ૪ આરોપીની ધરપકડ કરી છે મોબાઈલ છીનવી લેતા આરોપીઓએ લાકડીઓના ફટકા મારી યુવકની હત્યા કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના સરદારનગરમાં સવા મહિના પહેલા થયેલી યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો છે. ક્રાઇમ બ્રાન્ચે હત્યા કરનારા ૪ આરોપીની ધરપકડ કરી છે. મોબાઈલ છીનવી લેતા આરોપીઓએ લાકડીઓના ફટકા મારી યુવકની હત્યા કરી હતી ક્રાઈમ બ્રાન્ચે આરોપી હસમુખ ઉર્ફે ભરત ખટીક, નાસીર હુસેન ઉર્ફે મામા શેખ, દુર્ગેશ ઉર્ફે ગૌરવ કુશવાહ અને સુનિલ ઉર્ફે શિવા કોરીની હત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ઘટનાની વાત કરીએ તો ૨૫ ફેબ્રુઆરીના રોજ મૃતક ૨૩ વર્ષના જગરામ પાટીલ નામના યુવકને અજાણ્યા શખ્સોએ લાકડીઓથી માર મારતા ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ શંકાસ્પદ મોત મામલે ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા બાતમીના આધારે ચારેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપી હસમુખ ઉર્ફે ભરતનો મોબાઈલ મૃતક જગરામએ છીનવાનો પ્રયત્ન કરતા તેને લાકડીઓથી ફટકા મારવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે ૨૫ ફેબ્રુઆરીના રોજ રાત્રિના સમયે મૃતક જગરામ પાટીલ નરોડા રેલવે સ્ટેશન તરફથી મેઈન રોડ પર જઈ રહ્યો હતો. આ દરમિયાન આરોપી ભરત વોશરૂમ માટે ગયો હતો. મૃતક જગરામને અંધારામાં દેખાતું ન હતું, તેવા સંજોગોમાં ત્યાં હાજર આરોપી ભરતે મોબાઈલથી ફ્લેશ લાઈટ ચાલુ કરતા મૃતકે મોબાઈલ છીનવી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ આરોપી ભરતે મૃતકને પકડીને અન્ય તેના મિત્રોને બોલાવીને લાકડીઓ અને મુક્કાઓથી માર માર્યો હતો. ત્યારબાદ આરોપી ફરાર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચે માહિતીના આધારે તમામ આરોપીઓની ધરપકડ કરી હત્યાનો ભેદ ઉકેલી દીધો છે. પકડાયેલા ચારે આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપી બુટલેગર હોવાનું પણ સામે આવ્યું છે. આરોપી વિરુદ્ધ અગાઉ પ્રોહિબિશન અને મારામારીના અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે. તેઓ વિરુદ્ધ પાસા સુધીની કાર્યવાહી પણ થઈ ચૂકી છે. આ આરોપીઓ મૃતકને મોબાઈલની ચોરી કરવા અદાવતમાં માર મારીને હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. હાલમાં ક્રાઈમ બ્રાન્ચે ચારેય આરોપીની ધરપકડ કરીને સરદાર નગર પોલીસને સોંપવાની કાર્યવાહી કરી છે. જ્યાં પોલીસ હત્યાની કલમો હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી કરશે.

## ચીફ વોર્ડને હોસ્ટેલ ગર્લ્સને દોઢ લાખનો દંડ ફટકાર્યો

। (એજન્સી) જામનગર, તા.૧૧ ।

જામનગરની એમ પી શાહ મેડિકલ કોલેજ ફરી એકવાર વિવાદમા આવી છે. આ વખતે બીજી હોસ્ટેલમાં રહેતી ડોક્ટર તેની અન્ય ડોક્ટર મિત્રોને મળવા અન્ય હોસ્ટેલમાં ગઈ તો ચીફ વોર્ડને આને ગંભીર ગુનો ગણી હોસ્ટેલમાં રહેતી ૪ છોકરીઓ સહિત મળવા ગયેલી છોકરીને દોઢ લાખનો દંડ ફટકારર્યો છે. આ કારણે મેડિકલ કેમ્પસ વર્તુળોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે, આ ઉતાવળે ભરેલું પગલું હોય સત્તાવાળાઓ પણ હવે મુંઝવણમાં મુકાઈ ગયા છે. જામનગર એમ.પી. શાહ મેડિકલ કોલેજના લેડીઝ હોસ્ટેલના હાઉસમેન બી કોમન રૂમમાં ચાર એમબીબીએસ પૂર્ણ કરી ડોક્ટર બનેલી યુવતીઓ જેમાં નેહા ગરાસીયા, ખ્યાતી કિશોરી પદ્મીની પટેલ અને શ્રુતિ રાઠોડ રહે છે. તેને મળવા માટે તેની મિત્ર સરીતા રાવત જે હોસ્ટેલ નં.૧, રૂમ નં.૧૯માં રહે છે. તે મળવા જતા આ સમયે જ ચીફ વોર્ડને કથિત રીતે હોસ્ટેલનું ચેકીંગ કર્યું.

## RTO સર્કલ પાસે ૨ બાઈક સવારે દંપતીને આંતરીને કરી લાખો રૂપિયાની લૂંટ

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં પણ અવારનવાર ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે. ત્યારે અમદાવાદ RTO સર્કલ પાસે પણ આવી જ એક લૂંટની ઘટના સામે આવી છે. RTO સર્કલ પાસે દંપતિને આંતરીને ૧૩.૫૬ લાખની લૂંટ કરી હોવાની ઘટના બની છે. રીક્ષામાં જતા દંપતિની બેગ છીનવીને ૨ સ્કૂટર સવાર યુવકો ફરાર થતા આસપાસના વિસ્તારમાં દોડધામ મચી હતી. મળતી માહિતી અનુસાર ભોગ બનનાર દંપતી મુંબઈથી ટ્રેનમાં અમદાવાદ આવ્યું હતું. રેલવે સ્ટેશનથી સાબરમતી પોતાના ઘેર જતા હતા તે સમયે આ ઘટના સામે આવી છે. ગઈકાલે સાંજે બનેલી ઘટના મામલે રાણીપ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે RTO સર્કલ પાસેથી લાખો રુપિયાની ચોરી થતા દંપતીના પગ નીચેથી જમીન ખસી ગઈ છે.

### વાહનચાલકો ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર

# નિકોલ વિસ્તારમાં વારંવાર ગટરના પાણી ઉભરાવાની સમસ્યાથી લોકો પરેશાન

### છેલ્લા ૬ મહિનાથી સતત ગટરના પાણી ઉભરાય છે, પરંતુ તંત્રની આંખ ઉઘડતી નથી વારંવાર સમસ્યા સર્જાય પરંતુ મ્યુનિ. ખાસ કોઈ કામગીરી કરતું નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં વારંવાર ગટરના પાણી ઉભરાવાની સમસ્યાથી લોકો પરેશાન થઈ ગયા છે. ત્યારે ફરી એકવાર નિકોલના ગોપાલચોક વિસ્તારમાં ગટર ઉભરાતા તેના ગંદા પાણી રોડ પર ફરી વળ્યા હતા. વગર વરસાદે પણ રોડ પર પાણી ભરાઈ રહેતા હોવાથી લોકોને અવરજવર કરવામાં હાલાકી ભોગવવી પડે છે. ગોપાલચોકની પંપીગની લાઈન તુટી જતા ગટર ઉભરાઈ હતી. જો કે તેનું સમારકામ કર્યું, પરંતુ ફરીથી પાઈપ છટકી જતાં પરિસ્થિતિ વકરી હતી. વારંવાર ઉભરાતી ગટરની સમસ્યાથી હવે નિકોલવાસીઓ પણ ટેવાઈ ગયા છે અને સ્થાનિકોએ ગોપાલ ચોકનું નામ હવે ગટર ચોક પાડી દીધું છે. ગોપાલચોકથી નિકોલ કેનાલ જવાના રોડ પર ગટરના પાણી ભરાઈ ગયા છે. પ્રથમ નજરે તો જાણે વરસાદી પાણી ભરાયા હોય તેમ લાગે. પરંતુ જેવા નજીક જાઓ એટલે ગંદા પાણીની દુર્ગંધથી ખ્યાલ આવી જાય કે ગટર ઉભરાઈ છે. ગોપાલચોકમાં છેલ્લા ૬ મહિનાથી ગટર ઉભરાય છે છતાં તેનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી. જેના લીધે હજારો નાગરિકોને આ ગંદા પાણીમાં થઈને જવાનો વારો આવ્યો છે. એટલું નહીં સ્થાનિક લોકોએ એ તો તંત્ર પર કટાક્ષ કરતા કહ્યું કે આ તંત્રની કોઈ નવી પદ્ધતિ લાગે છે, લોકોને ગરમીમાં રાહત આપવા માટે એટલે જ ગટરના પાણી રોડ ભરવા માટે મ્યુનિ.તંત્રે નવી નીતિ અપનાવી છે.

### ખેડૂતોની ચિંતામાં વધારો

# વિરમગામમાં પાકને મોટુ નુકસાન થતા સિંચાઇના પાણીની સુવિધા આપવા ખેડૂતોની માગ

### આ વર્ષે પંથકના ખેડૂતોએ ચાલુ વર્ષે ઉનાળુ ડાંગરનું વાવેતર કરતા હાલ હજારો હેક્ટર જમીનમાં ડાંગરનો ઉભો પાક સૂકાઈ રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ગ્રામ્યના વિરમગામ પંથકના ખેડૂતોએ પાકને થતા નુકસાનને લઈને તંત્ર સમક્ષ રજૂઆત કરી. વિરમગામમાં પાણીના અભાવે પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. અને એટલે જ વિરમગામના તમામ ગામોમા સિંચાઈના પાણીની સુવિધા આપવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી છે.

ખેડૂતો વિરમગામ તાલુકાની માઈનોર કેનાલ પાણી આપવાની માગ કરતા કેનાલમા ઉતર્યા હતા. નર્મદાની નરસિંહપુરા બ્રાન્ચ માઈનોર કેનાલમા છેલ્લા દિવસોથી પાણી બંધ કરાતા ઉભા પાક સૂકાતા ખેડુતો ચિંતિત થયા હતા. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના વિરમગામ પંથકમાં ગયા ચોમાસા દરમિયાન ખેડૂતોએ મોટા પ્રમાણમાં ડાંગરનો વાવેતર કર્યું હતું. જેમાં ભારે વરસાદને લઈને ડાંગરને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું. જેથી આ વર્ષે પંથકના ખેડૂતોએ ચાલુ વર્ષે ઉનાળુ ડાંગરનું વાવેતર કરતા હાલ હજારો હેક્ટર જમીનમાં ડાંગરનો ઉભો પાક સૂકાઈ રહ્યો છે. વિરમગામ તાલુકાના સોકલી કરકથળ ગામ પાસેથી પસાર થતી નર્મદાની નરસિંહપુરા બ્રાન્ચ માઈનોર કેનાલમાં છેલ્લા કેટલાય દિવસોથી સિંચાઈનું પાણી બંધ કરતા ૩૦થી વધુ ગામમાં ઉનાળુ ડાંગરના પાક સુકાઈ રહ્યા છે. જેને લઈને ખેડૂતો દ્વારા સરકાર પાસે કેનાલમાં પાણી છોડવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## વ્યાજખોરોના ત્રાસથી પોલીસ સ્ટેશન બહાર જ મહિલાએ પીધું ફીનાઈલ

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાં ફરી એકવાર વ્યાજખોરોનો ત્રાસ જોવા મળ્યો. વ્યાખોરના આતંકનો એક મહિલા ભોગ બની. મહિલાએ વ્યાજખોરના ત્રાસથી પોલીસ સ્ટેશન બહાર જ ફિનાઈલ પીધું. ફિનાઈલ પીતા પહેલા મહિલાએ વીડિયો બનાવ્યો અને પોલીસ પર પણ આક્ષેપ કર્યો કે તે ફરિયાદ ના લેતી નથી અને વ્યાજખોરને છાવરી રહી છે. શહેરમાં પ્રદ્યુમન નગરમાં રહેતી મહિલાએ આજે ફીનાઈલ ગટગટાવતા ચકચાર મચી જવા પામી છે. મહિલાએ આ પગલું વ્યાજખોરના ત્રાસના કારણે લીધું હોવાનું જણાવ્યું. પ્રદ્યુમન નગરમાં રહેતી પરણિતી મહિલાએ આક્ષેપ કર્યો છે કે વ્યાજખોરે તેનું ઘર પચાવી પાડયું છે. વ્યાજખોર સદામ બદવાણી ઘર પચાવ્યા બાદ પણ તેમને ત્રાસ આપતો હોવાની મહિલાએ પોલીસમાં ફરિયાદ કરી હતી.પરંતુ વ્યાજખોર વિરુદ્ધ પોલીસે ફરિયાદ ના લેતા પરિણીત મહિલાને આઘાત લાગ્યો. આખરે પોલીસ પણ પ્રજાની ફરિયાદ નહીં લે તો ભોગ બનનારા પીડિત લોકો કયાં જશે. કયાં પોતાનો ન્યાય માગશે.વ્યાજખોર ત્રાસ આપતો હોવાની પોલીસે ફરિયાદ ના લેતા આખરે પરિણીત મહિલાએ અંતિમ પગલું ભર્યું. મહિલાએ પોલીસ સ્ટેશન બહાર જ ફિનાઈલ પી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો.

## વિશેષ

### અનુસૂચિત જાતિના ઉત્કર્ષ માટે વર્ષ દરમ્યાન વડોદરામાં કુલ રૂ.૪૩.૩૭ કરોડની આર્થિક સહાય ચૂકવાઈ

# સમાજ કલ્યાણ વિભાગની યોજના થકી વર્ષમાં જિલ્લાના કુલ ૩૧,૪૮૩ અનુસૂચિત જાતિના લોકો લાભાન્વિત થયા

। (માહિતી બ્યુરો) આલેખનઃ શીતલ પરમાર ।

રાજ્ય સરકાર દ્વારા સર્વસમાવેશી વિકાસ અને સમરસતા કેળવાય તે માટે અનુસૂચિત જાતિની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. પરિણામલક્ષી અભિગમ સાથે આરંભાયેલ વિકાસ યાત્રા થકી અનેક વંચિતો મુખ્ય ધારા તરફ વળ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યના સામાજિક કલ્યાણ વિભાગ દ્વારા વંચિતોના ઉત્થાન માટે ઉત્કૃષ્ઠ કામગીરી થઈ છે. જે અન્વયે વડોદરા જિલ્લાના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ માટે વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ૩૧,૪૮૩ લાભાર્થીઓ સહિત સરકારી છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. યોજનાઓ અને લાભાર્થીઓની વાત કરીએ તો, સામાજિક કલ્યાણ વિભાગ વડોદરા દ્વારા વર્ષ દરમ્યાન પ્રિએસ.એસ. સી. શિષ્યવૃત્તિ અંતર્ગત ૨૨,૪૨૨ વિદ્યાર્થીઓને કુલ. ૨૧૭.૪૬ લાખની શિષ્યવૃતિ સહાય આપવામાં આવી છે.જ્યારે પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ સહાય અંતર્ગત ૮૨૨૮ વિદ્યાર્થીઓએ કુલ ૨૧૦૨.૪૧ લાખની સહાય મેળવીને પોતાનું ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ર પૂર્ણ કરી રહ્યા છે.




ગ્રામ્ય વિસ્તારના સરકારી તથા ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા તથા આશ્રમશાળા ખાતે રહેવા સાથે ભણવાની સુવિધા આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૩૩.૭૦ લાખના ખર્ચે વડોદરા શહેરી વિસ્તારમાં એક આશ્રમશાળા કરજણ ખાતે, બે છાત્રાલય કરજણ ખાતે અને બે છાત્રાલય વડોદરા શહેરમાં આવેલ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં છાત્રાલયની વાત કરીએ તો તાલુકાઓમાં સાવલીમાં બે, શિનોરમાં બે અને પાદરામાં બે છાત્રાલય આવેલા છે.

બીજી તરફ ધોરણ ૧૧ થી કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સરકારી છાત્રાલયોમાં વિના મૂલ્યે રહેવા તથા જમવાની અને આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ - ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને ભણવાની સુવિધા માટે કુલ રૂ.૨૪૭ લાખ ખર્ચવામાં આવ્યા છે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા કુલ ૬૪ તેજસ્વી વિદ્યાર્થીઓને દરે ૪ ટકાના રૂ.૧૫.૦૦ લાખની એમ કુલ રૂ.૯૬૦ લાખની લોન આપ વામાં આવી છે. જ્યારે ડૉ. પી.જી. સોલંકી વકીલ સ્ટાયપેન્ડ યોજના હેઠળ કાયદાની પદવી મેળવીને પ્રેક્ટિસ કરવા માંગતા ૮૨ વકીલ લાભાર્થીઓને કુલ રૂ.૫.૬૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા હેતુ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. જે અન્વયે વર્ષ દરમ્યાન કુલ ૧૫૯ લાભાર્થીઓને કુલ રૂ. ૪૦૭ની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે દીકરીઓના લગ્નમાં મામેરાનો ખર્ચને પહોંચી વળવા માટે કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ કુલ ૨૫૫ લાભાર્થીઓને કુલ રૂ.૩૦.૫૮ લાખની સહાય આપવામાં આવી છે. આ સાથે અનુસૂચિત જાતિના વ્યક્તિઓ સામે થતાં અત્યાચાર વિરુદ્ધ ભોગ બનનારને ખાનગી વકીલ રાખવા માટે રૂ. ૩૭૦૦૦ ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે જે અન્વયે કુલ રૂ.૧૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર યોજના હેઠળ અંત્યેષ્ટિ અને કર્મકાંડ સહાય આપવામાં આવે છે, જે અન્વયે ૨૩૨ લાભાર્થીઓને કુલ રૂ.૧૧.૬૦ લાખની સહાય આપવામાં આવી છે. જ્યારે ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ દ્વારા જાતિના ઉત્કર્ષની વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૧ લાભાર્થીઓને કુલ રૂ.૧૮ લાખની અને સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા કુલ ૩૦ લાભાર્થીઓને કુલ રૂ.૭૬.૪૦ ની લોન સહાય પૂરી પાડવામાં આવી છે. આ તમામ યોજનાઓનો લાભાર્થી સરળતાથી, ઝડપથી અને પારદર્શી રીતે લાભ મેળવી શકે છે. આવનાર સમયમાં અનુસૂચિત જાતિના લોકો સરકાર દ્વારા અમલી સામજિક, શૈક્ષણિક અને આર્થિક યોજનાઓનો વધુમાં વધુ લાભ લઈને આત્મનિર્ભર બનવા માટે નાયબ નિયામક, સમાજ કલ્યાણ વિભાગ, વડોદરા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ૧૨૮ વર્ષ પછી ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટની વાપસી થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ક્રિકેટના જનક તો અંગ્રેજોને જ મનાય છે. તેના પછી અંગ્રેજોએ વેસ્ટ ઈન્ડિઝ અને ભારતીય ઉપખંડમાં વસાહતીકરણ કર્યું અને ત્યારબાદ જ અહીં ક્રિકેટ લોકપ્રિય રમત બની. આજે ભારતમાં ક્રિકેટ જાણે એક ધર્મ મનાય છે, જ્યાં ચાહકો ક્રિકેટરોની એક ઝલક મેળવવા માટે ઉત્સુક રહે છે. ૨૦૨૮ના ઓલિમ્પિકમાં ક્રિકેટનો પણ સમાવેશ થવાની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી હતી. હવે એક નવી અપડેટ સામે આવી છે કે ઓલિમ્પિક ૨૦૨૮માં પુરુષો અને મહિલાઓ બંને કેટેગરીમાં ૬-૬ ટીમ ભાગ લેશે, જેમાં ગોલ્ડ મેડલ જીતવા માટે સ્પર્ધા થશે. ઓલિમ્પિક ૨૦૨૮ અમેરિકાના લોસ એન્જલસમાં યોજાવાનું છે. આ ઓલિમ્પિકમાં પુરુષ અને મહિલા એમ કુલ ૬ ટીમો ભાગ લેશે. દરેક ટીમ ૧૫ સભ્યોની ટીમ પસંદ કરી શકે છે કારણ કે પુરુષ અને મહિલા બંને માટે ૯૦ ખેલાડીઓનો ક્વોટા ફાળવવામાં આવ્યો છે.

## ૫૦ વર્ષીય શિક્ષકે ધોરણ ૧૨મા ભણતી વિદ્યાર્થીની સાથે સ્કૂલમાં બાંધ્યો શારીરિક સંબંધ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૧ ।

ઉત્તર પ્રદેશના કુશીનગરની એક શાળામાં ધોરણ ૧૨ના વિદ્યાર્થી સાથે શારીરિક સંબંધ બનાવતા ૫૦ વર્ષીય શિક્ષકની ધરપકડ કરવામાં આવી છે. જી હા.. આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેના કારણે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ અંગે સ્થાનિક લોકોએ શાળાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉત્તર પ્રદેશમાં ગુરુ-શિષ્યના સંબંધો લજવાયા છે. જી હા.. ઉત્તર પ્રદેશના કુશીનગરની એક સ્કૂલમાં ધોરણ ૧૨માં ભણતી એક વિદ્યાર્થીની સાથે શારીરિક સંબંધ બનાવતા ૫૦ વર્ષીય શિક્ષકની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે આ ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. તેને લઈને સ્થાનિક લોકોએ સ્કૂલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બીજી બાજુ પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરી છે. શિક્ષકે વિદ્યાર્થીનીને પરીક્ષામાં સારા નંબરે પાસ કરવાની લાલચ આપી હતી. વીડિયોમાં શિક્ષક શિષ્યની સાથે શારીરિક સંબંધ બાંધતો નજરે પડી રહ્યો છે. પોલીસે આરોપી શિક્ષકની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શાળાના શૌચાલયના રિપેરિંગ બાદ CM, શિક્ષણમંત્રીનાં નામોની તખ્તી લાગી

। (એજન્સી) પંજાબ, તા.૧૧ ।

પંજાબ સરકાર દ્વારા તાજેતરમાં શરૂ કરાયેલી 'શિક્ષા ક્રાંતિ' યોજના હેઠળ શાળાઓમાં શૌચાલયોના સમારકામ જેવા નાના કામો માટે પણ તકતીઓ લગાવવાના નિર્ણયને કારણે હવે સોશિયલ મીડિયા પર મીમ્સ અને ટીકાનો માહોલ છે. લોકોએ આમ આદમી પાર્ટી ના નેતાઓને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે, તેને કરદાતાઓના પૈસાનો બગાડ ગણાવ્યો છે. ઉદ્ઘાટન થયું હોય કે ન થયું હોય, આ તકતીઓ પર મુખ્યમંત્રી ભગવંત માન અને શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સના નામ કોતરેલા છે, જ્યારે સ્થાનિક ધારાસભ્યનું નામ તેમની નીચે લખેલું છે. સોશિયલ મીડિયા પર બે તકતીઓ વાયરલ થઈ રહી છે. એક બરનાલાની શહીદ સિપાહી દલીપ સિંહ સરકારી વરિષ્ઠ માધ્યમિક શાળા, ઘુનાસની છે. બીજો ફાઝિલ્કાની સરકારી સ્માર્ટ સ્કૂલ ભાંગુની છે. આ તકતીઓમાં શૌચાલયના સમારકામ જેવા નાના કાર્યોના શિલાન્યાસ અને ઉદ્ઘાટનનો પણ ઉલ્લેખ છે.











મધ્યપ્રદેશમાં આનંદપુર ધામની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સભાને સંબોધિત કરી હતી.

## ગાઝા પર હુમલા વચ્ચે ઈઝરાયલના ૧૦૦૦ સૈનિકોએ કરેલો બળવો

### સરકાર આ યુદ્ધ રાજકીય ફાયદા માટે લડી રહી છે તેમનો ઉદ્દેશ બંધકોને ઘરે પરત લાવવાનો નથી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઈઝરાયલની સેનામાં સામેલ ૧૦૦૦ એરફોર્સ રિઝર્વ સૈનિકોએ ગાઝા યુદ્ધ વિરૂદ્ધ બળવો કર્યો છે. પરંતુ આ બળવા સામે ઈઝરાયલની નેતન્યાહૂ સરકારે આકરો જવાબ આપતાં તેમની વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. જેમાં વિરોધ કરનારા તમામ ૧૦૦૦ સૈનિકોની વાયુ સેનામાંથી હકાલપટ્ટી કરવાનો નિર્ણય લીધો છે. આ સૈનિકોએ ગાઝા સાથેના યુદ્ધનો વિરોધ કરતાં સરકારને એક પત્ર લખ્યો હતો કે, સરકાર આ યુદ્ધ રાજકીય ફાયદા માટે લડી રહી છે. તેમનો ઉદ્દેશ બંધકોને ઘરે પરત લાવવાનો નથી. ઈઝરાયલની સેનાના વિરોધ મુદ્દે ઈઝરાયલના એક સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે, 'સેનાની અંદર જ મતભેદો સ્વીકાર્ય નથી. આ એક એવો સમય છે, જ્યારે તમામ સૈનિકોએ સાથે મળીને લડવુ જોઈએ. સહકાર આપવાના બદલે સવાલો ઉઠાવી વિરોધ કરવો યોગ્ય નથી. આમ કરવાથી સૈનિકોનું મનોબળ તૂટી જાય છે.' નેતન્યાહૂ સરકારની આ કાર્યવાહી સામે ૧૦૦૦ સૈનિકોએ નિવેદન આપ્યું છે કે, 'અમે પણ નિર્ણય લીધો છે, અમારામાંથી કોઈ પણ સૈનિક હવે સેનામાં સેવા આપવા માગતું નથી. ઈઝરાયલની સેનામાં સામેલ ૧૦૦૦ એરફોર્સ રિઝર્વ સૈનિકો અને રિટાયર જવાનોએ યુદ્ધનો વિરોધ કરતા પત્ર પર હસ્તાક્ષર કર્યા હતાં. તેમજ ફરજ પર કાર્યરત સૈનિકોએ રાજીનામું આપ્યું હતું. આ પત્રમાં માગ કરવામાં આવી હતી કે, હમાસમાં અમારા કેદ બંધકોને તુરંત પરત લાવવામાં આવે. તેની અવેજમાં ભલે યુદ્ધ સમાપ્ત કરવુ પડે.' ગાઝા અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરના કરાર વચ્ચે ફરી પાછા હુમલાઓ થઈ રહ્યા છે. ઈઝરાયલ હમાસ પર દબાણ બનાવવા ગાઝા પટ્ટીના રસ્તાઓ બ્લોક કરી હુમલાઓ કરી રહ્યું છે.

### કોર્ટે ફટકારી ૧૮૭ વર્ષની સજા

## કેરળમાં મદરેસા એક ટીચરે છાત્રા સાથે કરી ગંદી હરકત

### કન્નૂરની મદરેસામાં અભ્યાસ કરાવનાર મૌલવી પર ૧૩ વર્ષની સગીરા સાથે યૌન શોષણનો આરોપ છે

। (એજન્સી) કન્નુર, તા.૧૧ ।

કેરળમાં કન્નૂરની એક પોક્સો કોર્ટે મદરેસા ટીચરને ૧૮૭ વર્ષની કેદની સજા ફટકારી છે. મદરેસામાં અભ્યાસ કરાવનાર મૌલવી પર ૧૩ વર્ષની સગીરા સાથે યૌન શોષણનો આરોપ છે. કોવિડ લોકડાઉન દરમિયાન ૪૧ વર્ષીય આરોપી મોહમ્મદ રફીએ છાત્રા સાથે વારંવાર બળાત્કાર કર્યો હતો. આ પહેલા ૨૦૧૮માં પણ તેના પર રેપના આરોપ લાગ્યા હતા. આ મામલામાં તે પહેલાથી સજા ભોગવી રહ્યો છે. બીબીસીના રિપોર્ટ પ્રમાણે વકીલે જણાવ્યું કે ૧૩ વર્ષની બાળકી મદરેસામાં અભ્યાસ કરવા જતી હતી. કેટલાક દિવસથી તેનો વ્યવહાર બદલાઈ રહ્યો હતો. તેના માતા-પિતાને ચિંતા થવા લાગી. બાળકી અભ્યાસ પર ધ્યાન આપી શકતી નહોતી. માતા-પિતા જ્યારે તેને લઈ કાઉન્સેલર પાસે પહોંચ્યા તો બાળકીએ બધી વાતો જણાવી હતી. તેણે જણાવ્યું કે મદરેસાનો મૌલવી તેની સાથે યૌન શોષણ કરતો હતો. જાણકારી પ્રમાણે વારંવાર ગુનો કરવાને કારણે પોસ્કો કોર્ટે આરોપીને આટલી લાંબી સજા ફટકારી છે. પોસ્કો કાયદાની કલમ 5 (T) હેઠળ તેને પાંચ લાખનો દંડ અને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે. આ સિવાય કલમ (F) હેઠળ વિશ્વાસ તોડવાના દોષમાં ૩૫ વર્ષની જેલ અને એક લાખનો દંડ ફટકાર્યો છે. વારંવાર યૌન હુમલો કરવા માટે ૩૫ વર્ષની કેદની સજા ફટકારી છે.

## ૧૪ વર્ષ જૂનો વીડિયો જોઈ પોતાની જ મજાક ઉડાવવા લાગ્યો કોહલી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

RCBના બેટર વિરાટ કોહલીને તેનો જૂનો ઈન્ટરવ્યુ બતાવવામાં આવ્યો હતો. આ ઈન્ટરવ્યુ જોયા બાદ કોહલી પોતે પણ હસી પડ્યો અને તે પોતાની જ મજાક ઉડાવવા લાગ્યો. આ ઈન્ટરવ્યુ તેમણે પહેલી વખત IPLમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યા બાદ આપ્યું હતું. જે ૧૪ વર્ષ પહેલા IPL 2011માં આવ્યું હતું.IPLમાં પોતાના ડેબ્યૂના ૪ વર્ષ બાદ કોહલીએ દિલ્હીમાં પોતાના ઘરેલૂ દર્શકો સામે પોતાનો પહેલો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીત્યો હતો. આ મેચમાં કોહલીએ ૩૮ બોલમાં ૫૬ રન બનાવ્યા હતા. તેમાં ૮ ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા. તેની આ જ ઈનિંગના કારણે RCBએ ડેરડેવિલ્સ સામે ત્રણ બોલ બાકી રહેતા ૧૬૨ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીત્યા બાદ પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં વિરાટ કોહલીએ જણાવ્યું કે, કેવી રીતે તેણે ઓપનિંગ બેટ્સમેન ક્રિસ ગેલ સાથે બીજી વિકેટ માટે ૮૨ રનની પાર્ટનરશિપમાં આક્રમક ભૂમિકા ભજવી. તેણે કહ્યું કે, ઈમાનદારીથી કહું તો મારો આવી રીતે બેટિંગ કરવાનો કોઈ પ્લાન નહોતો.

### પોલીસ કોન્સ્ટેબલે પોતે જ નશાનું કારખાનું શરૂ કર્યું

## લાતુરના રોહિના ગામમાં પોલીસે દરોડા પાડીને ૧૭ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું

### મુંબઈ સ્થિત પાંચ શખ્સો ડ્રગ્સ માટે કાચો માલ લાવ્યા હતા અને રોહિના વિસ્તારમાં તેમાંથી એકના ખેતરમાં મિક્સિંગ સિસ્ટમ ગોઠવી હતી

। (એજન્સી) લાતુર, તા.૧૧ ।

મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના રોહિના ગામમાં પોલીસે દરોડા પાડીને ૧૭ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. આ સાથે ડ્રગ્સના ઉત્પાદન અને દાણચોરીના આરોપમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ફેક્ટરીનું નેતૃત્વ પ્રમોદ કેન્દ્રે કરે છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે પ્રમોદ કેન્દ્ર મુંબઈ પોલીસનો કર્મચારી છે. મુંબઈ સ્થિત પાંચ શખ્સો ડ્રગ્સ માટે કાચો માલ લાવ્યા હતા અને રોહિના વિસ્તારમાં તેમાંથી એકના ખેતરમાં મિક્સિંગ સિસ્ટમ ગોઠવી હતી. તેનો નાશ કર્યા બાદ NCB પોલીસે પાંચેય આરોપીઓને કસ્ટડીમાં લીધા છે. આ તમામ લોકો



મુંબઈમાં IMG વેચતા હતા. ઓપરેશન દરમિયાન તપાસ એજન્સીએ ૧૧ કિલો ડ્રગ્સનો કાચો માલ જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન જપ્ત કરાયેલા રસાયણો અને પ્રયોગશાળાના સાધનો પરથી જાણવા મળ્યું હતું કે ફાર્મમાં શીટ શેડમાં દવાઓ બનાવવામાં આવી રહી હતી. તે દરોડામાં ૧૧ કિલો ૩૬૦ ગ્રામ ડ્રગ્સ (૮ કિલો ૪૪૦ ગ્રામ સૂકું અને ૨ કિલો ૯૨૧ ગ્રામ પ્રવાહી) જપ્ત કરવામાં આવ્યું હતું.

### ડોનાલ્ડ ટ્રમ્પને ઝટકો

## ભારતીય મૂળના જજે દેશનિકાલના સંકટ સામે ઝઝૂમતાં લાખો ઈમિગ્રન્ટને રાહત આપી

### નિકારાગુઆ અને વેનેઝુએલાના લોકો માટે કાનૂની રક્ષણાત્મક દરજ્જો રદ કરવાના ટ્રમ્પ સરકારના નિર્ણયને અટકાવી દીધો

। (એજન્સી) અમેરિકા, તા.૧૧ ।

અમેરિકાની કોર્ટમાં ભારતીય મૂળના ન્યાયાધીશે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારને મોટો ઝટકો આપ્યો છે. ગુરુવારે (૧૦મી એપ્રિલ) એક ફેડરલ ન્યાયાધીશે અમેરિકામાં રહેતા હજારો ક્યુબન, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના લોકો માટે કાનૂની રક્ષણાત્મક દરજ્જો રદ કરવાના ટ્રમ્પ સરકારના નિર્ણયને અટકાવી દીધો. કોર્ટના ચુકાદાથી લાખો ઈમિગ્રન્ટ્સને રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના પૂર્વ પ્રમુખ જો બાઈડેને આ દેશોના ઈમિગ્રન્ટ્સને અમેરિકામાં રહેવા માટે બે વર્ષનો સમયગાળો લંબાવ્યો હતો જે તેમના માટે મોટી રાહત હતી પરંતુ ટ્રમ્પે સત્તામાં આવતા



પોતાનો મનમુજબનો નિર્ણય જાહેર કરી દીધો હતો. જેના બાદ કોર્ટે તેમને જોરદાર ઝટકો આપ્યો છે. બોસ્ટનમાં ભારતીય મૂળના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ઈન્દિરા તલવાણીએ ટ્રમ્પ વહીવટીતંત્રની ટીકા કરતા કહ્યું કે, 'હોમલેન્ડ સિક્યુરિટીનો નિર્ણય કાયદાના ખોટા અર્થઘટન પર આધારિત છે. કોઈપણ કાયદા હેઠળ, ગેરકાયદે રીતે સરહદ પાર કરનારાઓને અમેરિકાથી દેશનિકાલ કરી શકાય છે. આમાં એવા લોકોનો સમાવેશ થઈ શકતો નથી જેમને સરકાર દ્વારા પહેલાથી જ બે વર્ષની રાહત આપવામાં આવી છે.' યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ઈન્દિરા તલવાણીએ કહ્યું કે, 'જો વહીવટીતંત્ર આ લોકો સામે કાર્યવાહી કરે છે. તેથી તે એવા લોકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો નથી જેઓ ગેરકાયદે રીતે આવ્યા છે, પરંતુ એવા લોકોને નિશાન બનાવી રહ્યો છે જેમણે નિયમોનું પાલન કર્યું છે અને જેઓ હજુ પણ નિયમો અનુસાર અમેરિકામાં રહે છે.' તલવાનીના નિર્ણયથી ટ્રમ્પ વહીવટીતંત્ર અને યુએસ ન્યાયિક પ્રણાલી વચ્ચે એક નવો સંઘર્ષ શરૂ થયો છે. આ નિર્ણય દ્વારા, ટ્રમ્પ અને બાડેનના તે નિર્ણયને ઉલટાવી દેવા માંગતા હતા, જેમાં તેમણે યુક્રેનિયન, અફઘાન, ક્યુબન, હૈતી, નિકારાગુઆન અને વેનેઝુએલન ઈમિગ્રન્ટ્સને દેશમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી.

### આ વર્ષમાં પ્રોપર્ટીના ભાવ આસમાને પહોંચ્યા છે

## દેશના ટોચના ૯ શહેરોમાં મકાનોની કિંમતમાં ૯ ટકા ભાવ વધારો થયો

### નાણાકીય વર્ષ ૨૦૨૫ માં દેશના ટોચના ૯ શહેરોમાં નવા હાઉસિંગ પ્રોજેક્ટ્સની સરેરાશ કિંમતમાં ૯% નો વધારો થશે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।

આમ આદમીને ઘરના ઘરનું સપનું રોળાશે. કારણ કે, આ વર્ષમાં પ્રોપર્ટીના ભાવ આસમાને પહોંચ્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા શરૂ થયેલા રહેણાંક પ્રોજેક્ટ્સના સરેરાશ ભાવમાં કાચા માલના ઊંચા ખર્ચને કારણે ૯ ટકાનો વધારો થયો છે. આ માહિતી લિસ્ટેડ રિયલ એસ્ટેટ ડેટા એનાલિસ્ટ કંપની પ્રોપઈક્વિટી દ્વારા આપવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં નવા પ્રોજેક્ટ્સના હાઉસિંગ ભાવમાં કોલકાતામાં સૌથી વધુ ૨૯% વધારો થયો છે, ત્યારબાદ થાણે (૧૭%), બેંગલુરુ (૧૫%), પુણે (૧૦%) અને દિલ્હી-NCR (૫%) છે. NSE-લિસ્ટેડ પ્રો ડેટા એનાલિટીક્સ ફર્મના અહેવાલમાં જણાવાયું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨,૫૬૯ પ્રતિ ચોરસ ફૂટની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતના ટોચના ૯ શહેરોમાં ઘરોની વેઈટેડ એવરેજ લોન્ચ કિંમત ૯% વધીને ૧૩,૧૯૭ પ્રતિ ચોરસ ફૂટ થઈ હતી. કયા કયા શહેરોમાં વધ્યા ભાવ:ટોચના ૯ શહેરો બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા, દિલ્હી-એનસીઆર, મુંબઈ, નવી મુંબઈ, થાણે અને પુણે છે. છેલ્લા એક વર્ષમાં, હાઉસિંગની કિંમતો કોલકાતામાં સૌથી વધુ ૨૯% વધી છે, ત્યારબાદ થાણે (૧૭%), બેંગલુરુ (૧૫%), પુણે (૧૦%), દિલ્હી-NCR (૫%), હૈદરાબાદ (૫%) અને ચેન્નાઈ (૪%) છે. મુંબઈ અને નવી મુંબઈમાં હાઉસિંગની કિંમતોમાં ૩%નો ઘટાડો થયો છે. જો કે, છેલ્લા બે નાણાકીય વર્ષોમાં (ક્ષ્રુ૨૩-૨૫), હાઉસિંગના ભાવમાં ૧૮%નો વધારો થયો છે જેમાં બેંગલુરુમાં સૌથી વધુ ૪૪%, કોલકાતા (૨૯%), ચેન્નાઈ (૨૫%), થાણે (૨૩%), દિલ્હી-દ્રઝઈ (૨૦%), પુણે (૧૮%), નવી મુંબઈ (૧૩%), મુંબઈ (૧૧%), હૈદરાબાદ (૫%)એ જણાવ્યું હતું. પ્રોપઈક્વિટી રિપોર્ટ અનુસાર, ૨૦૨૫ના જાન્યુઆરી-માર્ચમાં હાઉસિંગનું વેચાણ ૨૩% ઘટીને ૧,૦૫,૭૯૧ યુનિટ થયું છે જ્યારે સપ્લાય ૩૪% ઘટીને ૮૦,૭૭૪ થઈ ગયો છે. ડેટા મુજબ, બેંગલુરુમાં નવા પ્રોજેક્ટ્સમાં વેઈટેડ એવરેજ હાઉસિંગની કિંમતો અગાઉના વર્ષમાં ૮,૫૭૭ પ્રતિ ચોરસ ફૂટથી વધીને ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ૯,૮૫૨ થઈ ગઈ હતી.

## તંત્રી લેખ...

# ટેરિફના ટેન્શન વચ્ચે ટ્રમ્પને સ્નાનની ચિંતા

ડોનાલ્ડ ટ્રમ્પની ફરિયાદ હતી કે અમેરિકામાં શાવર અને ટોઈલેટમાં પાણીનું દબાણ ઓછું છે, જેના કારણે સ્નાન કરવા અને વાળ ધોવા જેવા કાર્યો મુશ્કેલ બને છે. ઓર્ડર પર સહી કરતી વખતે તેમણે મજાકમાં કહ્યું કે, 'મારા સુંદર વાળની સારી સંભાળ રાખવા માટે મને સારા સ્નાનની જરૂર છે. પણ મારા વાળ બરાબર ભીના થાય તે માટે મારે ૧૫ મિનિટ શાવર નીચે ઊભા રહેવું પડે છે, કેમ કે શાવરમાંથી પાણી સાવ ધીમેધીમે ટપકે છે. આ કેટલું હાસ્યાસ્પદ કહેવાય!' પોતાના વાળ પ્રત્યે ટ્રમ્પની સભાનતા નવી નથી. ૨૦૨૦માં તેમણે કહ્યું હતું કે, 'તમારું તો મને ખબર નથી, પણ મારા વાળ પરફેક્ટ હોવા જોઈએ.' ગત વર્ષના ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેઓ એવું બોલ્યા હતા કે, 'શાવર ધીમા હોવાથી હું મારા વાળ ઝડપથી ધોઈ શકતો નથી.' વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણય લઈને ટ્રમ્પ ઓબામા-બાઈડન યુગ દરમિયાન બનાવેલા કડક નિયમોને દૂર કરીને સામાન્ય અમેરિકન્સને રાહત આપી રહ્યા છે. આ આદેશ શૌચાલય અને સિંક જેવી ઘણી વસ્તુઓ પર પણ લાગુ કરાશે. ૨૦૨૦માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનના નેતૃત્વ હેઠળના ઉર્જા વિભાગે એક નિયમ લાગુ કર્યો હતો જેમાં એક મિનિટમાં ૨.૫ ગેલન (૯.૫ લિટર) પાણી છોડતાં આખા શાવર હેડને બદલે ફક્ત નાનું શાવર નોઝલ જ વાપરવાની મંજૂરી આપવામાં આવી હતી. એના અગાઉ ઓબામા વહીવટીતંત્રે બહુવિધ નોઝલ ધરાવતા શાવર ફિક્સર પર રોક લગાવતાં એવો નિયમ લાગુ કર્યો હતો કે જો શાવરમાં ચાર નોઝલ આપેલા હોય તો ચારેયમાંથી કુલ ૨.૫ ગેલનથી વધુ બહાર ન આવવું જોઈએ. પાણીનો બગાડ ન થાય, ઊર્જા ઓછી વપરાય અને એનું બિલ પણ ઓછું આવે, એવી ગણતરીઓ સાથે આ નિયમો લાગુ કરાયા હતા. એક અંદાજ મુજબ આ નિયમથી પ્રત્યેક ઘરમાં દર વર્ષે લગભગ ૩૮ ડૉલરની બચત થઈ હતી. અમેરિકન રાજનીતિના નિષ્ણાતો કહે છે કે સ્નાન અને શૌચાલય જેવા મુદ્દાઓ રાષ્ટ્રપતિની પ્રાથમિકતાઓમાં હોય એ હાસ્યાસ્પદ લાગે છે. ટ્રમ્પે અગાઉ બલ્બ અને ડિશવોશર જેવા ઉપકરણો પરના કડક નિયમો પણ ઢીલા કર્યા હતા, જેને પાછળથી જો બાઈડેન વહીવટીતંત્ર દ્વારા બદલવામાં આવ્યા હતા.

## પ્રધાનમંત્રીએ ઉત્તર પ્રદેશનાં વારાણસીમાં રૂ.૩,૮૮૦ કરોડથી વધારેનાં વિકાસ કાર્યોનો શિલાન્યાસ, ઉદઘાટન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશનાં વારાણસીમાં રૂ. ૩,૮૮૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદઘાટન કર્યું હતું. જનમેદનીને સંબોધતા તેમણે કાશી સાથેના તેમના ઊંડા જોડાણ પર પ્રકાશ પાડ્યો હતો. આ આશીર્વાદ માટે તેમના પરિવાર અને આ વિસ્તારના લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તથા તેમને આપવામાં આવેલા પ્રેમ અને સમર્થનનો સ્વીકાર કર્યો હતો. તેમણે આ પ્રેમ પ્રત્યે પોતાની ઋણીતા પર ભાર મૂકતાં કહ્યું હતું કે, કાશી તેમની છે અને તેઓ કાશીનાં છે. આવતીકાલે હનુમાન જન્મોત્સવનો પાવન પર્વ છે તેની નોંધ લઈને શ્રી મોદીએ કાશીમાં સંકટ મોચન મહારાજના દર્શન કરવાની તક મળતાં તેમનું સન્માન વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, હનુમાન જન્મોત્સવ અગાઉ કાશીનાં લોકો કેવી રીતે વિકાસનાં પર્વની ઉજવણી કરવા એકત્ર થયાં છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "છેલ્લાં ૧૦ વર્ષમાં બનારસનાં વિકાસે નવી ગતિ પકડી છે." તેમણે ઉમેર્યું હતું કે, કાશીએ આધુનિકતાને અપનાવી છે, તેનો વારસો જાળવી રાખ્યો છે અને ઉજ્જ્વળ ભવિષ્યને અપનાવ્યું છે. તેમણે નોંધ્યું હતું કે, કાશી હવે માત્ર પ્રાચીન જ નથી રહી, પણ પ્રગતિશીલ પણ છે. જે અત્યારે પૂર્વાંચલનાં આર્થિક નકશાનાં કેન્દ્રમાં છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે, ખુદ ભગવાન મહાદેવ દ્વારા માર્ગદર્શિત કાશી હવે પૂર્વાંચલના વિકાસનો રથ ચલાવી રહી છે. આ કાર્યક્રમની શરૂઆતમાં કાશી અને પૂર્વાંચલનાં વિવિધ ભાગો સાથે સંબંધિત અસંખ્ય પરિયોજનાઓનાં ઉદઘાટન અને શિલાન્યાસનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ માળખાગત પ્રોજેક્ટ્સ મારફતે કનેક્ટિવિટીને મજબૂત કરવા, દરેક ઘરને નળનું પાણી પ્રદાન કરવાની ઝુંબેશ તથા શિક્ષણ, સ્વાસ્થ્ય અને રમતગમતની સુવિધાઓનાં વિસ્તરણ પર ભાર મૂક્યો હતો. તેમણે દરેક ક્ષેત્ર, પરિવાર અને યુવાનોને શ્રેષ્ઠ સુવિધાઓ પ્રદાન કરવાની કટિબદ્ધતા પર ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે, આ પહેલો પૂર્વાંચલને વિકસિત પ્રદેશમાં પરિવર્તિત કરવામાં સીમાચિહ્નરૂપ બનીને કામ કરશે. તેમણે નોંધ્યું હતું કે, કાશીનાં દરેક રહેવાસીને આ યોજનાઓથી ઘણો લાભ થશે તથા તેમણે બનારસ અને પૂર્વાંચલનાં લોકોને આ વિકાસલક્ષી પ્રયાસો માટે અભિનંદન આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ આજે મહાત્મા જ્યોતિબા ફૂલેની જન્મજયંતિનાં પ્રસંગે તેમની અને સાવિત્રીબાઈ ફૂલેનાં સમાજનાં કલ્યાણ માટે અને મહિલા સશક્તિકરણ પ્રત્યેનાં આજીવન સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે મહિલા સશક્તિકરણ પ્રત્યે તેમનાં વિઝન અને કટિબદ્ધતાને આગળ વધારવાનાં પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેમની સરકાર 'સબ કા સાથ, સબ કા વિકાસ'ના મંત્ર પર ચાલે છે. તેમણે પૂર્વાંચલનાં પશુપાલકોનાં કુટુંબો, ખાસ કરીને મહેનતુ મહિલાઓને અભિનંદન આપ્યાં હતાં, જેમણે આ વિસ્તાર માટે નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. તેમણે નોંધ્યું હતું કે, જ્યારે આ મહિલાઓમાં વિશ્વાસ મૂકવામાં આવે છે, ત્યારે તેમણે ઈતિહાસ રચ્યો છે. પ્રધાનમંત્રીએ ઉત્તરપ્રદેશના બનાસ ડેરી પ્લાન્ટ સાથે સંકળાયેલા પશુપાલકોને બોનસના વિતરણની નોંધ લીધી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રૂ. ૧૦૦ કરોડથી વધારેનું આ બોનસ કોઈ ભેટ નથી, પણ તેમની મહેનત અને સમર્પણ માટેનું વળતર છે, જે તેમની મહેનત અને ખંતનાં મૂલ્યને પ્રતિબિંબિત કરે છે. કાશીમાં બનાસ ડેરીની પરિવર્તનશીલ અસર પર ભાર મૂકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, હજારો પરિવારોનાં જીવન અને નિયતિને નવું સ્વરૂપ આપ્યું છે. શ્રી મોદીએ એ બાબત પર ભાર મૂક્યો હતો કે, ડેરીએ કેવી રીતે કઠોર પરિશ્રમનું ફળ આપ્યું છે અને આકાંક્ષાઓને પાંખો આપી છે. તેમણે ગર્વપૂર્વક નોંધ્યું હતું કે, આ પ્રયાસોથી પૂર્વાંચલની ઘણી મહિલાઓ "લખપતિ દીદી" બની શકી છે, જે જીવનનિર્વાહની ચિંતાઓમાંથી સમૃદ્ધિનાં માર્ગે અગ્રેસર થઈ છે. તેમણે ટિપ્પણી કરી હતી કે, આ પ્રગતિ ફક્ત બનારસ અને ઉત્તરપ્રદેશમાં જ નહીં, પણ સમગ્ર દેશમાં જોવા મળે છે. તેમણે જણાવ્યું હતું કે, "છેલ્લાં એક દાયકામાં દૂધ ઉત્પાદનમાં આશરે ૬૫ ટકાના વધારા સાથે ભારત વૈશ્વિક સ્તરે સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો છે."

**આજકાલ સમાજમાં અધર્મની પરાકાષ્ઠા છે, અને ધર્મને નામે પણ બોલી લાગે છે. પરંતુ દુનિયા અને સંસાર છે ત્યાં આવું બધું તો રહેવાનુ જ**

# પવન પુત્ર એટલે કે હનુમાનજી જ છે, આપણી હયાતીનું મુખ્ય પ્રમાણ





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામાયણની કથાથી સૌ કોઈ વાકેફ છે, અને હનુમાન ચરિત્રથી પણ વાકેફ છીએ, એટલે કે ત્રેતા યુગમાં જ્યારે ભગવાન શ્રી રામ સીતાજીની શોધ માટે ભટકતા હતાં, ત્યારે કિષકીન્ધામાં હનુમાન સાથે તેમનું મિલન થયું, અને હનુમાન એટલે કે જે કેસરીનંદન, અંજની સૂત અને પવનસુતના નામે ઓળખાય છે, તેમણે ભગવાન શ્રીરામના આ ભાગીરથ કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો.**

હિન્દુસ્તાનની ધરતી પર વિવિધ દેવી-દેવતાઓને ઈશ્વર તરીકે સ્વીકારવામાં આવ્યાં છે, એમાં મુખ્યત્વે રામ, ક્રિષ્ન, શંકર અને દુર્ગાનાં સ્વરૂપો ઈશ્વર તરીકે પૂજાય છે. પરંતુ આ દેશમાં ગણેશ અને હનુમાનનેં એ પણ એટલું જ મહત્વ આપવામાં આવે છે. ચૈત્ર સુદ પૂનમનાં દિવસને આપણે ત્યાં હનુમાન જયંતી તરીકે ઉજવવામાં આવે છે, હનુમાનજી માનવીય જીવનનો મુખ્ય આધાર છે,અને હનુમાન એ અન્ય દેવી દેવતાઓની જેમ માત્ર કલ્પના કે અનુમાન નથી, પરંતુ પવન પુત્ર હોવાથી પ્રત્યક્ષ દેવ તરીકે સ્વીકાર્યા છે, અને હનુમાન જ છે આપણી હયાતીનું પ્રમાણ. પવન પુત્ર તરીકે જોઈએ તો હનુમાનજીનો પ્રકૃતિ સાથે સીધો સંબંધ છે, અને સૃષ્ટિ સર્જન માટે ઉપયોગી છે. આજકાલ તો હવે ગ્લોબલ વોર્મિંગને કારણે ઋતુ પ્રભાવ વધતો જાય છે, એટલે થોડું મુશ્કેલ છે,પણ બાકી ચૈત્રના તડકા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ શુભકારી માનવામાં આવે છે, અને આખા વર્ષનું વિટામિન ડી સૂર્ય ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. પ્રદૂષણને કારણે વાતાવરણમાં ઓક્સિજનની કમી પણ વરતાઈ રહી છે. પ્રત્યેક જણાએ હવે પોતાનું અસ્તિત્વ બચાવવાં માટે પ્રકૃતિ સન્મુખ થઈ આ સમસ્યાનું નિવારણ કરવું પડશે. જેમકે સૂર્ય પોતાનાં નિયત સમયે ઉદય પામે છે, અને નિયત સમયે અસ્ત પામે છે. ચંદ્ર પણ એકમથી પૂનમ, અને પૂનમથી એકમ એમ પોતાની નિશ્ચિત ધરી પર પરિભ્રમણ કરે છે. પૃથ્વી પણ ટાઢ, તડકો, વરસાદ બધું સહન કરી સંતુલન રાખીને પોતાની ધરી પર પરિભ્રમણ કરે છે, પવન નિયત વેગથી આપણી આસપાસ લહેરાય છે. પાણી પણ આપણને ઠંડક પ્રદાન કરીને તૃપ્ત કરે છે, આકાશ પણ છત બની આપણું રક્ષણ કરીને આપણને વિશાળતાથી સ્વીકારે છે, અને માનવી છે કે એને આ બધું દેખાતું નથી. પણ ક્યાં સુધી પ્રકૃતિ રુપે પવન આમ નિસ્વાર્થ પ્રેમ કરી શકશે? કારણ કે દિવસે ને દિવસે તેના અસ્તિત્વ પર પ્રદૂષણ રૂપી ઘા થતા રહે છે. ખેર છોડો! આજે હનુમાન જયંતી છે તો હનુમાન એ કેવળ અનુમાન નથી. રામાયણની કથાથી સૌ કોઈ વાકેફ છે, અને હનુમાન ચરિત્રથી પણ વાકેફ છીએ. એટલે કે ત્રેતા યુગમાં જ્યારે ભગવાન શ્રી રામ સીતાજીની શોધ માટે ભટકતા હતાં, ત્યારે કિષકીન્ધામાં હનુમાન સાથે તેમનું મિલન થયું, અને હનુમાન એટલે કે જે કેસરીનંદન, અંજની સૂત અને પવનસુતના નામે ઓળખાય છે, તેમણે ભગવાન શ્રીરામના આ ભાગીરથ કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો. હનુમાનજીએ ભગવાન રામને સાથ આપીને સીતાની શોધ કરી, લંકા પર વિજય પ્રાપ્ત કરી, સીતાજીને પાછા મેળવ્યાં. મૂળ રીતે આ કથાનક છે, પરંતુ આપણે સૌ જાણીએ છીએ, તેમ હનુમાન એ શિવ અવતાર છે, અને રુદ્રના અગિયારમા અવતાર તરીકે તેને માનવામાં આવે છે. શંકરનાં ઈષ્ટદેવ ભગવાન શ્રીરામ છે, અને એ રીતે હનુમાન પોતાના ઈષ્ટદેવની સેવા સ્વીકારે છે. તેમને માતા સીતા તરફથી અજર-અમરના આશીર્વાદ પ્રાપ્ત થયા છે, અને જ્યારે રામ વિદાય લઈ રહ્યા હતાં, ત્યારે હનુમાનજીએ કહ્યું કે પૃથ્વી પર રામનામ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી પોતે પણ પૃથ્વી પર જ રહેશે, અને આમ તે આજે પણ અહીં વસે છે. ભગવાન રામ ઈચ્છતા હતા કે ધરતી પર ભક્તિનો મહિમા વધે અને સૌ ભક્તિ તરફ વળે, એટલે હનુમાન દ્વારા પોતાના કરતાં પણ રામનામને વધુ મહત્વ અપાયું છે. હનુમાનજી જ્યારે સીતાજીની શોધ કરવાં માટે ગયાં, ત્યારે તેમણે સમુદ્ર લાઘ્યો હતો, એ વાત આપણે સૌ જાણીએ છીએ. હનુમાનજીના મનમાં અધર્મી રાવણના સકંજામાં સપડાયેલી સીતા મૈયાને છોડાવવાનો શુદ્ધ સંકલ્પ હતો, અને મુખમાં પોતાના ઈષ્ટદેવ રામનું નામ હતું. એટલે કે સત્ય અને સત્ય સાક્ષી બન્નેનું અનુગમન હતું, એટલે તેનામાં સમુદ્રને લાંઘી શકવાની શક્તિ હતી. જ્યારે ભગવાન શ્રીરામ લંકા પર વિજય પ્રાપ્ત કરવા સમુદ્ર કિનારે પહોંચ્યાં, તો તેમને સમુદ્ર પર સેતુ બાંધીને જવું પડ્યું. એટલે જ ભગવાન કરતાં ભગવાનના નામનો વધુ મહિમા ગવાયો છે, ભગવાન તત્વને પામવા માટે પણ ભગવાનના નામનો જ સહારો અતિ ઉત્તમ છે, અને એને કળિયુગમાં તો એક માત્ર સાધન બતાવાયું છે. આમ પણ રામ સુધી પહોંચવું હોય તો રામના દ્વારપાળ હનુમાન પાસે ગયા વગર ચાલતું નથી, અને હનુમંત સાધના થકી જ તેનાં હૃદયમાં બિરાજમાન રામ લક્ષ્મણ જાનકી સુધી પહોંચાય છે. હનુમાન શંકર સ્વરૂપ હોવાથી તેની સાધના પણ સીધી સાદી છે, એટલે કે હનુમાન ચાલીસાનો પાઠ કરવાથી આપણે તેની પ્રતીતિ કરી શકીએ છીએ. આપણી મલિનતા ઓછી થતી જાય છે, આપણી છાતી મજબૂત થતી જાય છે, એટલે કે સાહસ વૃત્તિ વધે છે. શક્તિ વધે છે, અને સત્યનુ અનુગમન કરવાની પૂર્ણ નિષ્ઠા પ્રબળ બને છે, એટલે જ હનુમાન એ કેવળ અનુમાન નથી પરંતુ એક પ્રત્યક્ષ દેવ છે. આજકાલ સમાજમાં અધર્મની પરાકાષ્ઠા છે,અને ધર્મને નામે પણ બોલી લાગે છે. પરંતુ દુનિયા અને સંસાર છે ત્યાં આવું બધું તો રહેવાનુ જ. આપણે આપણા સત્યને વળગી રહેવાનું, કોઈ કહે એટલે કંઈ આપણે સત્ય છોડી થોડું દેવાય ?, આપણા આત્મોદ્ધાર કે આત્મકલ્યાણનું ન વિચારીએ, તો પણ પૃથ્વી પર રામનામ બની રહે એ માટે હનુમાનની મંત્ર ઉપાસના કે સાધના કરવી પડે, બને તો તંત્ર સાધનામાં જવું નહીં. આમ પણ હનુમાન એ પ્રાણ સંકટ હરનારા દેવ છે, તો જ્યારે જ્યારે કપરી પરિસ્થિતિ આવશે, ત્યારે એ આપણને સંભાળી લેશે, એ ભરોસા સાથે આપણે હનુમંત સાધના કરવાની છે, અને હનુમંત ચરિત્રને મુખ્ય ધરી પર રાખીને આ હિન્દુ રાષ્ટ્રનો, શ્રીરામનો જય ઘોષ કરવાનો છે. આપણી સંસ્કૃતિ આપણને આ જ શીખવી રહી છે, એટલે કે, સત્ય માટે જાગૃત થવું, સત્ય માટે શૂરવીર બનવું, કે સાહસ કરવું, સત્ય માટે સમર્પણ કરવું, કે સહન કરવું, અને સત્ય માટે બલિદાન આપવું, અને સત્ય માટે સત્ય નું જ સ્મરણ કરવું. તો ભગવાન શ્રી રામનું રામરાજ્ય બનાવવા માટે એમના પ્રિય ભક્ત હનુમાનની હનુમાન ચાલીસા જેવી સીધી સાદી સાધના કરતા રહીએ, અને આ રીતે રામ નામને વધુને વધુ શક્તિશાળી બનાવતા રહીએ, શ્રી રામરુપી સત્યને ફરી પ્રસ્થાપિત કરવા જાગૃત થવું પડશે, સાહસિક થવું પડશે,સહન કરવું પડશે, સમર્પણ કરવું પડશે,અને બલિદાન પણ દેવું પડશે, જેથી કરીને આવતીકાલે આ સંસ્કૃતિ ફરી પાછી વિશ્વ ઉજાગર થાય. તો આપણે સૌ રામરાજ્ય માટે પ્રભુ શ્રીરામનું ચરિત્ર આત્મસાત કરવા માટે, કે રામનામને પ્રબળ બનાવવા હનુમંત સાધના કરતાં રહીએ, અને આ રીતે અનીતિના પ્રાણ સંકટથી પણ દૂર રહી શકીએ,તો પરિણામ મળી શકે. રાવણના વધ બાદ જ્યારે પ્રભુ શ્રીરામ સીતા સહિત અયોધ્યા પધાર્યા ત્યારબાદ તેમનો રાજ્યાભિષેક થયો, અને અયોધ્યામાં રામરાજ્ય સ્થપાયું જ્યાં રાયરંકનો ભેદ નહોતો, અને સૌને સમાન અધિકાર મળતાં હતાં. આવું રામરાજ્ય એ હંમેશા આપણું સ્વપ્ન રહ્યું છે, અને સંસ્કૃતિ ને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે એમના પ્રિય ભક્ત હનુમાનની હનુમાન ચાલીસા જેવી સીધી સાદી સાધના કરતા રહીએ. આ રીતે રામ નામને વધુને વધુ શક્તિશાળી બનાવતા રહીએ, શ્રી રામરુપી સત્યને ફરી પ્રસ્થાપિત કરવા જાગૃત થવું પડશે, સાહસિક થવું પડશે,સહન કરવું પડશે, સમર્પણ કરવું પડશે,અને બલિદાન પણ દેવું પડશે, જેથી કરીને આવતીકાલે આ સંસ્કૃતિ ફરી પાછી વિશ્વ ઉજાગર થાય. તો આપણે સૌ રામરાજ્ય માટે પ્રભુ શ્રીરામનું ચરિત્ર આત્મસાત કરવા માટે,કે રામનામ ને પ્રબળ બનાવવા હનુમંત સાધના કરતાં રહીએ, અને આ રીતે અનીતિના પ્રાણ સંકટથી દૂર રહીએ તો જ હનુમાનજીનો તથા આપણો રામરાજ્ નો મનોરથ પુરો થાય. જય સીયારામ.

**દરેક સંકટોથી બચવનાર અને સુખ-સૌભાગ્યની વર્ષા કરનાર હનુમાનજીની કૃપા મેળવવા માટે હનુમાન જયંતી પર સંપૂર્ણ વિધિ-વિધાનથી વ્રત-પૂજન કરવું જોઈએ**

# સાધુ સંત કે તુમ રખવારે । અસુર નિકંદન રામ દુલારે !! કેસરીનંદન-વાયુદેવ-અંજના પુત્ર બ્રહ્મચારી ચિરંજીવી, બળ, બુદ્ધિ, વિદ્યા-ભક્તિના અજરામર દેવતા રામભક્ત હનુમાનજીનો આજે જન્મોત્સવ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**બજરંગીના નામનું વ્રત કરવા માટે સાધકને આ દિવસે સૂર્યોદય પહેલા ઉઠીને સ્નાન-ધ્યાન કર્યા બાદ ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવું. ત્યાર બાદ હાથમાં થોડુ જળ લઈને હનુમાન જીના વ્રતને વિધિ-વિધાનથી કરવાનો સંકલ્પ લો, આ દિવસે કોઈ હનુમાન મંદિરમાં જઈને અથવા તો પોતાના ઘરમાં હનુમાનજીની પ્રતિમા આગળ લાલ રંગના આસન પર બેસીને તેમની વિધિ વિધાનથી પૂજા કરવી જોઈએ.**

આજે ચૈત્ર સુદ પૂનમ શનિવાર એટલે કળિયુગના અજરામર સાક્ષાત દેવ હનુમાનજી મહારાજનો જન્મોત્સવ જન્મ જયંતિ. આપણે કંઈક ગુણગાન ગાઈ તેમનું સમરણ કરીએ. હિંદુ દેવતા અને રામના પરમ ભક્ત અને સાથી છે. તેઓ બ્રહ્મ ચારી અને ચિરંજીવી તરીકે વર્ણવાયા છે. તેઓ બળ, બુદ્ધિ, વિદ્યા અને ભક્તિના દેવતા મનાય છે. રામાયણ સહિત અન્ય ગ્રંથો જેવા કે મહાભારત અને વિવિધ પુરાણોમાં તેમનું વર્ણન થયું છે. તેઓ અંજની અને કેસરીના પુત્ર તેમજ વાયુદેવના પુત્ર છે. તેમનો જન્મ ચૈત્રી પૂનમને દિવસે થયો હતો,જેની હનુમાન જયંતી તરીકે ઉજવણી થાય છે. રામાયણમાં રામે સીતાની શોધનું કપરું કાર્ય હનુમાનને સોંપ્યું હતું તે તેમણે બખૂબી નિભાવ્યું હતું. રામને હનુમાન ઉપર પૂર્ણ વિશ્વાસ હતો,તેથી જ જ્યારે રાવણનાં ભાઈ વિભીષણનો સ્વીકાર કરવો કે ન કરવો તે ગડમથલમાં પડેલા રામે સુગ્રીવનાં અભિપ્રાયને ઉથાપીને પણ હનુમાનજીના મંતવ્યનો સ્વીકાર કરેલો. કારણ કે રામ હનુમાનને માત્ર એક ભકત તરીકે જ નહોતા નિહાળતા તેનામાં રહેલ માણસને પારખવાની અદભુત શકિતને પણ સમજતા હતા.હનુમાને સીતાને અશોક વાટીકામાં આત્મહત્યાનાં માર્ગે જતા અટકાવ્યા હતા. તેઓ માત્ર એક વિદ્વાન જ નહિ,એક વીર સૈનિક પણ હતા. તેમનામાં કોઇ પણ કાર્ય બુધ્ધિ પુર્વક હાથ ધરવાની સમજ દારી હતી. તેથી તેઓએ એકલે હાથે રાવણની આખી લંકા સળગાવી નાખી હતી રામના કોઈપણ મહત્વનાં કાર્યો કે કટોકટીની ક્ષણોમાં હનુમાન હંમેશા સાથે હતા. ઈન્દ્રજીતના બાણથી મરણ શૈયા ઉપર પડેલા લક્ષ્મણને ઔષધી લાવીને હનુમાને બચાવેલા. રાવણનો યુધ્ધમાં નાશ થયો તે સમાચાર સીતાને આપવા રામ હનુમાનને મોકલે છે.તેમનો મકરધ્વજ નામે એક(પરોક્ષ)પુત્ર હતો. આજે ચૈત્ર સુદ પૂનમને શનિવાર એટલે ચૈત્ર પૂર્ણિમા. દર વર્ષે ચૈત્ર પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. એવી માન્યતાઓ છે કે હનુમાનજી આજે પણ ભૌતિક રીતે પૃથ્વી પર બિરાજમાન છે, તેથી તેને હનુમાન જન્મોત્સવ કહેવું ખોટું નથી. કહેવાય છે કે બજરંગબલીનું નામ લેવાથી દુઃખ મુસીબતો,ભૂત-પ્રેત ભાગી જાયછે તેથી જ તુલસીદાસે હનુમાનજી વિશે લખ્યું છેકે,'સંકટ કટે મિટે સબ પીરા, જો સુમિરન હનુમત બલ બીરા.'તેનો અર્થ છે- હનુમાનજીમાં દરેક પ્રકારની પીડા અને મુશ્કેલીઓ દૂર કરવાની ક્ષમતા છે. બજરંગબલીની પૂજા કરવા માટે પંચાંગ મુજબ બે શુભ મુહૂર્ત છે.પહેલું શુભ મુહૂર્ત સવારનું હશે, જ્યારે બીજો સમય રાત્રિનો હશે. પ્રથમ શુભ સમયઃ૧૨મી એપ્રિલે, સવારે ૦૯.૦૩ થી બપોરે ૦૧.૫૮ સુધી બીજો શુભ સમયઃ૧૨મી એપ્રિલે રાત્રે ૮.૧૪ થી ૯.૩૫ સુધી હનુમાન જયંતિ પર,સવારે સ્નાન કર્યા પછી બજરંગબલીની પૂજા કરવાનો સંકલ્પ લો.શુભ મુહૂર્ત જોઈને જ હનુમાનજીની પૂજાકરો સૌથી પહેલા ઉત્તર-પૂર્વ દિશામાં બાજોઠ પર લાલ કપડું



પાથરી દો.હનુમાનજીની સાથે શ્રીરામજીનું ચિત્ર સ્થાપિત કરો. હનુમાનજીને લાલ ફૂલ અને રામજીને પીળા ફૂલ ચઢાવો. લાડુની સાથે તુલસી પણ ચઢાવો. પહેલા શ્રી રામના મંત્ર ઓમ રામ રામાય નમઃ નો જાપ કરો. ત્યાર બાદ હનુમાનજીના મંત્ર ૐ હં હનુમતે નમઃ નો જાપ કરો. આજના દિવસે વડના ઝાડનું એક પાન લો અને તેને સારી રીતે સાફ કરો.આ પછી ભગવાન હનુમાનજીની સામે પાન રાખો. પૂજા કરો અને પછી આ પાન પર કેસરથી ભગવાન શ્રી રામનું નામ લખો. પૂજા પૂરી થયા પછી આ પાન તમારા પર્સમાં અથવાપૈસાની જગ્યાએ રાખો. આમ કરવાથી તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થવા લાગશે.હનુમાન જયંતીના દિવસે હનુમાનજીની ઉપાસના કરવાથી સુખ,સમૃદ્ધિ અનેઐશ્વર્ય ના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. આજે હનુમાન જયંતી શનિ વારનો દિવસે છે. શનિવારનો દિવસ હનુમાનજીની પૂજા માટે વિશેષ દિવસ ગણાય છે. ધાર્મિક પુસ્તકોમાં હનુમાનજીના જન્મ વિશે અલગ-અલગ સમય અને સ્થળનો દાવો કરવામાં આવ્યો છે. આ કારણે હનુમાન જયંતિ વર્ષમાં બે વખત ઉજવવા માં આવે છે.પ્રથમ હનુમાન જયંતિ ચૈત્ર પૂર્ણિમાના દિવસે અને બીજી દિવાળીના સમયે કારતક કૃષ્ણ ચતુર્દશી પર.હનુમાનજીના જન્મસ્થળ વિશે અલગ-અલગ માન્યતાઓ છે. તેના આધારે હનુમાનજીના ચાર જન્મસ્થળો છે.એક કૈથલમાં, બીજી ગુજરાતના ડાંગ જિલ્લાના અંજની પર્વત પર સ્થિત અંજની ગુફામાં, ત્રીજુ ઝારખંડના ગુમલા જિલ્લાના અંજન ગામમાં આવેલી ગુફામાં અને ચોથી પંપા સરોવર પાસે,જે મૈસૂરમાં છે. હનુમાનજીના પિતા વાનરરાજ કેસરી અને માતાનું નામ અંજના હતું.પવનદેવે પણ તેમના જન્મમાં મદદ કરી હતી. આ કારણે હનુમાનજીને પવનપુત્ર પણ કહેવામાં આવે છે. હનુમાનજીનો જન્મ ત્રેતાયુગમાં ભગવાન રામની મદદ કરવા માટે થયો હતો. તેઓ ભગવાન શિવનો અંશ હતો. સનાતન પરંપરામાં હનુમાનજીને બળ,બુદ્ધિ અને વિદ્યાનો સાગર માનવામાં આવેછે.આવા મહાવીર બજરંગીની જયંતી પર તેમની પૂજા અને વ્રત કરવા માટે અમુક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. સાધના-આરાધના ખૂબ જ વધારે ફળદાયી માનવામાં આવે છે. હિંદુ માન્યતા અનુસાર ચિરંજીવી માનવામાં આવતા હનુમાનજીની જયંતી ચૈત્ર માસના શુક્લપક્ષની પૂર્ણિમાએ આવે છે.પંચાંગ અનુસાર આજે હનુમાન જયંતી ૧૨ એપ્રિલ ૨૦૨૫ શનિવારે ઉજવવામાં આવશે. બધા સંકટોને દૂર કરનાર મહાવીર હનુમાનની પૂજા, જપ અને વ્રત સૌથી ઉત્તમ દિવસ માનવામાં આવે છે. આવો જાણીએ તમારા જીવન સાથે જોડાયેલા કષ્ટોને દૂર કરવા અને મનોકામનાઓ પૂરી કરવા માટે હનુમાન જયંતી પર તેમના માટે કઈ રીતે વ્રત કરશો. હનુમાન જયંતી વ્રતની વિધિ, દરેક સંકટોથી બચવનાર અને સુખ-સૌભાગ્યની વર્ષા કરનાર હનુમાનજીની કૃપા મેળવવા માટે હનુમાન જયંતી પર સંપૂર્ણ વિધિ- વિધાનથી વ્રત અને પૂજન કરવું જોઈએ. બજરંગીના નામનું વ્રત કરવા માટે સાધકને આ દિવસે સૂર્યોદય પહેલા ઉઠીને સ્નાન- ધ્યાન કર્યા બાદ ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવું. ત્યાર બાદ હાથમાં થોડુ જળ લઈને હનુમાન જીના વ્રતને વિધિ-વિધાનથી કરવાનો સંકલ્પ લો.આ દિવસે કોઈ હનુમાન મંદિરમાં જઈને અથવા તો પોતાના ઘરમાં હનુમાનજીની પ્રતિમા આગળ લાલ રંગના આસન પર બેસીને તેમની વિધિ વિધાનથી પૂજા કરવી જોઈએ. હનુમાન જયંતીના દિવસે બજરંગ બલીની પૂજામાં લાલ રંગનું પુષ્પ અને ફળ ચડાવો હનુમાનજીને ગોળ અને ચણાનો ભોગ લગાવ્યા બાદ મીઠુ પાન ચડાવો અને ત્યાર બાદ સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસની સાથે સુંદર કાંડનો પાઠ કરો. હનુમાનજીના વ્રતમાં દિવસમાં એક વખત પ્રસાદ ગ્રહણ કરો અને બ્રહ્મચાર્યનું સંપૂર્ણ રીતે પાલન કરો. હનુમાન જયંતી વ્રતનું ફળ. હિંદુ ધર્મમાં પવનપુત્ર હનુમાનજીને એક એવા દેવતા માનવામાં આવે છે જે શ્રદ્ધા અને વિશ્વાસની સાથે વ્રત, પૂજન અને સુમિરન કરવા પર જલ્દી પ્રસન્ન થાય છે. મહાવીર હનુમાન પોતાના ભક્તો ની મુશ્કેલીઓ દૂર કરવા માટે એક અવાજમાં દોડી આવે છે । દોહા । શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન મુકુરૂ સુધારિ । બરનઉં રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચારિ । બુદ્ધિહીન તનુ જાનકે, સુમિરૌં પવન કુમાર । બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં,હરહુ કલેશ વિકાર। .તીનો લોક હાંક તે કાંપે ॥ ભુત પિશાચ નિકટ નહિં આવૈ । મહાવીર જબ નામ સુનાવૈ ॥નાસે રોગ હરે સબ પીરા ।જપત નિરંતર હનુમંત બિરા ॥સંકટ સે હનુમાન છુડાવૈ ।મન કર્મ બચન ધ્યાન જો લાવૈ ॥ વાચ ચાહક મિત્રો આજે ચૈત્ર સુદ પૂનમ શનિવાર એટલે અજરામર દેવ બજરંગ બલી હનુમાનજી મહારાજનો જન્મોત્સવ, આજે ૧૨મી એપ્રિલ ના રોજ હનુમાન જયંતિ છે.એ પહેલા ૧૦મી એપ્રિલે બૃહસ્પતિ મૃગશિરા નક્ષત્ર, ૧૧મી એપ્રિલે બુધ ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર અને ૧૨મી એપ્રિલે મંગળ પુષ્ય નક્ષત્ર માં ગોચર કરશે.એપ્રિલના બીજા સપ્તાહમાં વ્રત તહેવારો સાથે ગ્રહોના નક્ષત્ર ગોચરનો સંયોગ થઈ રહ્યો છે. જ્યોતિષની દૃષ્ટિએ માનીએ તો,આ સપ્તાહ મેષ વૃષભ કન્યા મકર તુલા કુંભ મીન એમ સાત રાશિઓને લાભ આપશે અને હનુમાન જયંતિ સુધીમાં કિસ્મત બદલાઈ શકે છે. સૌને મનોવાંછિત ફળ આપે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### ફવાદે ફિલ્મ ખૂબસુરતથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું

# ફવાદના સમર્થનમાં ઉતરી અમીષા પટેલ

## ભારતનો સાંસ્કૃતિક વારસો કોઈની રાષ્ટ્રીયતાના આધારે કલામાં ભેદભાવ કરતો નથી

ફવાદ ખાન-વાણી કપૂર સ્ટારર ફિલ્મ અબીર ગુલાલનું ટીઝર રિલીઝ થયા પછી, ભારતમાં તેની રિલીઝ પર પ્રતિબંધ મૂકવા માટે વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. પરંતુ હવે ફિલ્મને આખરે ઉદ્યોગમાંથી એક સમર્થક મળ્યો છે. અભિનેત્રી અમીષા પટેલે કહ્યું છે કે ભારતનો સાંસ્કૃતિક વારસો કોઈની રાષ્ટ્રીયતાના આધારે કલામાં ભેદભાવ કરતો નથી.અમીષાએ ફવાદના પુનરાગમન વિશે વાત કરી. અભિનેત્રીએ ભારતીય સંસ્કૃતિનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આપણી સંસ્કૃતિમાં દરેક કલાકાર અને કલાનું સન્માન કરવામાં આવે છે. અમીષાના મતે, ભારતમાં અબીર ગુલાલની રિલીઝ અટકાવવી યોગ્ય નથી.અમીષાએ કહ્યું- મને પહેલા પણ ફવાદ ખાન ગમતો હતો. અમે દરેક અભિનેતા અને દરેક સંગીતકારનું સ્વાગત કરીએ છીએ. આ ભારતની સંસ્કૃતિ છે. એટલા માટે કલા એ કલા છે. હું તેમાં ભેદભાવ રાખતી નથી. આંતરરાષ્ટ્રીય કલાકારોનું સ્વાગત કરવું જોઈએ. વિશ્વભરના કલાકારોનું સ્વાગત છે. કોઈ પણ ક્ષેત્રમાં, ચિત્રકારો, સંગીતકારો,





અભિનેતાઓ, દિગ્દર્શકો, કોઈ પણ ક્ષેત્રમાં.ફવાદ ખાન લાંબા સમય પછી 'અબીર ગુલાલ' ફિલ્મથી ભારતમાં વાપસી કરવાનો હતો, પરંતુ આ ફિલ્મ વિવાદોમાં ફસાઈ ગઈ. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. ફવાદનો બહિષ્કાર કરતી વખતે, તેના તરફથી ધમકીઓ પણ આપવામાં આવી હતી. ફવાદે ફિલ્મ ખૂબસુરતથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું, તે છેલ્લે ફિલ્મ એ દિલ હૈ મુશ્કિલમાં જોવા મળ્યો હતો. આ પછી, ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ લાદવામાં આવ્યો, જેના કારણે તે પાછો ચાલ્યો ગયો.

### પ્રાઇમ વીડિયો સાથે મળીને એડલ્ટ વેબ સિરીઝ પ્રોડ્યુસ કરશે

# પોતાની સિરીઝમાં ૪ નવા ચહેરાને લોંચ કરશે

આલિયા ભટ્ટ એક તરફ બીજી વખત સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં તેની સાથે વિકી કૌશલ અને રણબીર કપૂર પણ છે. બીજી તરફ તે પ્રોડક્શન ક્ષેત્રે પણ આગળ વધી રહી છે. એક સમયે કરણ જોહરે તેને લોંચ કરી હતી. હવે આલિયા નવા કલાકારોને લોંચ કરી રહી છે. એવા અહેવાલો છે કે આલિયા એમેઝોન પ્રાઇમ વીડિયો સાથે મળીને એક સિરીઝ પ્રોડ્યુસ કરી રહી છે. આ પહેલાં તે પ્રાઇમ પર 'પોચર' નામની સિરીઝ પણ પ્રોડ્યુસ કરી ચૂકી છે. આ અહેવાલો અનુસાર આલિયા ભટ્ટ એક યંગ એડલ્ટ વેબ સિરીઝ પ્રોડ્યુસ કરી રહી છે, જે એમેઝોન પ્રાઇમ વીડિયો પર જોવા મળશે. આ સિરીઝ માટે સ્ક્રિપ્ટનો ફાઇનલ ડ્રાફ્ટ તૈયાર થઈ રહ્યો છે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "આ એક બહુ ઊંડા વિચાર સાથેની ફિલ્મ છે. જેમાં શહેરની એક કોલેજ કેમ્પસની વાત કરતી યંગ એડલ્ટ સિરીઝ હશે. જેમાં આનંદ અને મજા સાથે વિચારપ્રેરક વાત પણ હશે. આ વાતો બે યંગ કપલના દૃષ્ટિકોણથી કહેવાશે."સૂત્ર દ્વારા આગળ એવું પણ કહેવાયું કે આલિયા આ સિરીઝ માટે ચાર



નવા ચહેરા લેવાનું વિચારી રહી છે. તેના માટેનું કાસ્ટિંગ થઈ રહ્યું છે. સાથે એવા પણ અહેવાલો છે કે આલિયા આ સિરીઝ માટે વાસ્તવિક લાગે એવા ચહેરા પસંદ કરવા માગે છે. સૂત્રએ જણાવ્યું, "આલિયાએ નિર્ણય લીધો છે કે આ નવા ચહેરા ૨૦ વર્ષની આસપાસની ઉંમરના હોવા જોઈએ, જેના ચહેરા વાસ્તવિક દેખાય. આ સિરીઝ સાથે ચાર નવા ચહેરા લોંચ કરવામાં આવશે." આ સિરીઝનું શૂટિંગ આ જ વર્ષના અંત સુધીમાં શરૂ થશે એવી શક્યતા છે. એવી પણ ચર્ચા છે કે આ સિરીઝ માટે મંજુ કપૂરની નવલકથા 'ડિફિકલ્ટ ડોટર્સ'નો આધાર લેવાયો છે. આ સિરીઝ આલિયાની માતા સોની રાઝદાન દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આલિયાના બેનર હેઠળ તેની બહેન શાહિન પણ એક સિરીઝ બનાવી રહી છે. આ સિવાય આલિયાની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા' પણ ક્રિસમસ પર રિલીઝ થઈ રહી છે.

### અભિનેતા ઋત્વિક રોશનઆ દિવસોમાં અમેરિકાના પ્રવાસ પર છે

# ઋત્વિક રોશનના ફેન મીટમાં બાળકો અને યુવાનો સાથે બદસલૂકી



### ઘણા ચાહકોએ સોશિયલ મીડિયા અને અભિનેતા ઋત્વિક રોશનના ઇન્સ્ટાગ્રામ પર આ ઘટના વિશે ફરિયાદ કરી

અભિનેતા ઋત્વિક રોશન આ દિવસોમાં અમેરિકાના પ્રવાસ પર છે. ટેક્સાસના ડલ્લાસમાં એક ચાહક મુલાકાત અને શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અભિનેતાએ હાજરી આપી હતી. જોકે, અહીં આવેલા ચાહકોનો અનુભવ સારો નહોતો. તેમણે આયોજકો પર નબળા સંચાલનનો આરોપ લગાવ્યો. ઘણા ચાહકોએ સોશિયલ મીડિયા અને અભિનેતાના ઈન્સ્ટાગ્રામ પર આ ઘટના વિશે ફરિયાદ કરી.ડલ્લાસ ફેન મીટમાં ૧.૨ લાખ રૂપિયાની ટિકિટ ખરીદવા છતાં ઋતિક રોશનના ચાહકો સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને સ્ટેજ પરથી ધક્કો મારીને બહાર કાઢવામાં આવ્યા! જેના પગલે ખૂબ જ હોબાળો થયો. ઋતિકની ફેન મીટ અભિનેત્રી સોફી ચૌધરીએ હોસ્ટ કરી હતી. અભિનેતાએ અહીં ચાહકો માટે થોડો ડાન્સ પણ કર્યો. જોકે, લોકોને કંઈક બીજું જ અપેક્ષા હતી. એક ચાહકે દાવો કર્યો કે તેણે અભિનેતાને મળવા માટે ૧.૨ લાખ રૂપિયા ખર્ચ્યા. હવે, આ વાત ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગઈ છે કારણ કે અભિનેતાએ તેની સાથે ફોટો પાડવાનો ઈનકાર કર્યો હતો.લાખોની ટિકિટ ખરીદી પણ ઋત્વિક સાથે ફોટો ન મળ્યો"ઋત્વિક રોશનને મળવા માટે ૧૫૦૦ ડોલર અને સામાન્ય પ્રવેશ ફી ચૂકવી અને ફોટો પણ ન મળ્યો," ચાહકે પોસ્ટમાં લખ્યું. તેણે મીટ એન્ડ ગ્રીટમાં અડધા લોકો સાથે ફોટો પાડવાની ના પાડી. અમે આટલા પૈસા ખર્ચ્યા છતાં અમને પાછા મોકલી દેવામાં આવ્યા. શું એટલા માટે આપણે ૨ કલાક લાઈનમાં રાહ જોઈ? તે જ સમયે, બીજા એક ચાહકે લખ્યું કે કેટલાક બાળકો ઋત્વિક રોશન સાથે સ્ટેજ પર પરફોર્મ કરવા માટે ઉત્સાહિત હતા પરંતુ તેમને દૂર ધકેલી દેવામાં આવ્યા. જણાવી દઈએ કે અમેરિકન પ્રવાસ દરમિયાન ઋતિક રોશન એટલાન્ટા, હ્યુસ્ટન, ન્યુ જર્સી અને શિકાગો જેવા ઘણા શહેરોની મુલાકાત લેશે.

# 'ઓડિયન્સની નાડ પારખવું કઠિન, ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો કપરો સમય'

## અજયના મતે સાઉથ અને હોલિવૂડની હાલત પણ હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી જેવી જ છે, હાલ એક નબળાં તબક્કામાંથી પસાર થઈ રહી છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાલ એક નબળાં તબક્કામાંથી પસાર થઈ રહી છે, જેમાં હિટ કરતાં ફલોપ ફિલ્મની સંખ્યા વધી ગઈ છે. સલમાન ખાન જેવા સ્ટારની ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી. મંગળવારે અજય દેવગનની 'રેડ ૨'ની ટ્રેલર લોંચ ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં અજય દેવગનને ઓડિયન્સની નાડ પારખવાનું મુશ્કેલ થઈ જવા પર પ્રશ્ન પુછાયો હતો. ત્યારે તે સહમત થયો હતો કે સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. અજય દેવગને કહ્યું, "એવું નથી કે માત્ર બોલિવૂડની ફિલ્મો જ હાલ નથી ચાલતી. સમગ્ર દુનિયાની ફિલ્મો સાથે આવી જ સ્થિતિ છે. કેટલીક ચાલે છે અને કેટલીક બહુ સારી ચાલી જાય છે.




બોલિવૂડ, હોલિવૂડ કે સાઉથ બધે જ આવી જ સ્થિતિ છે."અજય દેવગને આગળ કહ્યું, "હાલ અમે સંઘર્ષ કરી રહ્યાં છીએ અને સમજાતું નથી કે ઓડિયન્સ શું જોવા માટે આવશે. પરંતુ હા અમને એ ખ્યાલ છે કે ઓડિયન્સ આજે કઈ રીતે બદલાઈ ગયું છે અને વિચારશીલ બની ગયું છે. પેન્ડેમિક દરમિયાન, લોકોને ઘણું ઈન્ટરનેશનલ કન્ટેન્ટ જોવા મળ્યું. અમે પણ એ મુજબ ઓડિયન્સમાં આવેલાં પરિવર્તનને ધીરે ધીરે સ્વીકારીને આગળ વધી રહ્યાં છીએ અને એ જ રીતે અમે પણ ધીરે ધીરે બદલાઈ રહ્યાં છીએ. પરંતુ હજુ કોઈ બાબતે અમે ચોક્કસ નથી."અજય દેવગનને જ્યારે સિનેમાની ટિકિટના વધતા ભાવને કારણે પણ લોકો થિએટરમાં ઓછા આવે છે તે બાબતે પૂછાયું તો અજય દેવગને કહ્યું, "ટિકિટની કિંમતને તેની સાથે કોઈ જ લેવા દેવા નથી. કારણ કે જે લોકો આવે છે એ પણ એ જ કિંમત ચૂકવીને આવે છે. મને લાગે છે કે આજે લોકો નક્કી કરે છે કે તેમની કઈ ફિલ્મ જોવી અને કઈ ન જોવી જોઈએ. ઓડિયન્સ હવે કોઈ પ્રમોશનથી પ્રભાવિત થતું નથી તે લોકો કન્ટેન્ટ જોઈને આવે છે. એમને જે જોવું છે, તે જોવા મળશે કે નહીં તે બાબતે લકો ટ્રેલર જોઈને નિર્ણય લે છે. જો તમારું ટ્રેઈલર કે ટીઝર રસપ્રદ નહીં હોય તો એ લોકો ફિલ્મ નહીં જુએ. અથવા તો એમને તમારા ગીતો ગમશે તો તો તેઓ ચોક્કસ આવશે."અજયની 'રેડ ૨' ઈનકમટેક્સ વિભાગના 'અનસંગ હિરો'ના જીવન પર આધારીત ફિલ્મ છે. જેમાં પુસ્તકમાંથી વાસ્તવિક કિસ્સાઓ લેવાયા છે. આ ફિલ્મમાં વાણી કપૂર, રજત કપૂર પણ મહત્વના રોલમાં છે અને રિતેશ દેશમુખ વિલનના રોલમાં જોવા મળશે. ભુષણ કુમાર, ક્રિશ્ર કુમાર અને કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠકના ટીસિરીઝ અને પેનોરમા સ્ટુડિયો દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે, જે ૧ મે એ રિલીઝ થશે.

### રાજકુમાર અને વામિકા ફસાયા રોમેન્ટીક કોમેડીના ટાઇમલૂપમાં

# રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની ફિલ્મ 'ભૂલ ચુક માફ'નું ટ્રેલર લોંચ

'છાવા' અને 'સ્કાયફોર્સ'ની સફળતા પછી દિનેશ વિજાનનું મેડોક્સ એક બિલકુલ નવા વિષય સાથેની કેઓટિક રોમેન્ટિક કોમેડી ફિલ્મ લઈને આવી રહ્યું છે. આ ફિલ્મ 'ભૂલ ચુક માફ'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. જેમાં ફિલ્મની ઝલક જોવા મળે છે, રાજકુમાર રાવ પોતાના જીવનનાં સૌથી મહત્વના દિવસના વમળમાં એવો ફસાય છે કે તે આ દિવસમાંથી બહાર નીકળી શકે તેમ નથી અને તેના કારણે સંપુર્ણ અંધાધુંધી સર્જાય છે. આ ફિલ્મ કરણ શર્મા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની જોડી પહેલી વખત આ ફિલ્મમાં એકસાથે જોવા મળશે. ત્યારે તેમની વચ્ચેની કેમેસ્ટ્રી કેટલી જામે છે, તે જોવાનું પણ રસપ્રદ રહેશે. આ ફિલ્મની સ્ટોરી વારાણસીમાં આકાર લે છે. રાજકુમાર રાવ એટલે કે રંજન પોતાની પ્રેમિકાના પરિવારને પ્રભાવિત કરવા માટે મુશ્કેલીથી એક સરકારી નોકરી મેળવે છે. તેના




છે, તેનાં જીવનનાં દિવસો આગળ વધતાં અટકી જાય છે. ત્યારે રંજન એ શોધવાની કોશિશ કરે છે તેના જીવનમાં આવું થવાનું કારણ શું, મહાદાવે તેનાં જીવન પર પોઝનું બટન કેમ દબાવી દીધું છે, તે કઈ રીતે બધું સરખું કરી શકશે.મેડોક આ પહેલાં પણ 'ઝરા હટકે ઝરા બચકે', 'લૂકા છૂપી' જેવી નાના શહેરની અને પારિવારિક ફિલ્મ બનાવી ચૂક્યું છે. આ ફિલ્મ વિશે દિનેશ વિજાને કહ્યું, "જ્યારે ભારતના હદય જેવાં નાનાં શહેરોમાંથી વાર્તા આવે છે, ત્યારે તે શ્રેષ્ઠ હોય છે. ત્યારે આ ફિલ્મમાં નાના શહેરના બે સૌથી મોટા દબાણની વાત છે- એક છે સરકારી નોકરી મેળવવાની ઘેલછા, છોકરી અને નોકરી નાના શહેરના પરિવારમાં સૌથી મહત્વના હોય છે. રંજન અને તીતલી એકબીજાંનાં આ પ્રેમિકાના રોલમાં વામિકા ગબ્બી એટલે કે તિતલી છે. મુશ્કેલીથી બંનેના પરિવારો લગ્ન માટે રાજી થાય છે અને પરિવારો લગ્નની વિધીની તૈયારીઓમાં લાગી જાય છે. પરંતુ બિલકુલ લગ્નના દિવસ પહેલાં જ એક એવી સ્થિતિ ઉભી થાય છે કે બધું જ ખોટું થાય છે. રાજકુમાર એક જ દિવસના લૂપમાં ફસાઈ જાય છે. તે ગમે તેમ ઈચ્છે તો પણ તે દરરોજ એક જ દિવસમાં ઉઠે પ્રેમમાં ગળાંડૂબ છે. આ ફિલ્મ તમને હસાવશે અને કદાચ રડાવશે પણ ખરી. આ ફિલ્મ પારિવારીક લાગણીઓથી ભરપુર છે." આ ફિલ્મ ૯મેએ થિએટરમાં રિલીઝ થશે.

### અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ૨' ટૂંક સમયમાં મોટા પડદે આવી રહી છે

# અક્ષય કુમારની 'કેસરી ૨'માં કથકલી અવતારે દર્શકોને આકર્ષી લીધા



### અક્ષયે કહ્યું, "આ માત્ર કોસ્ચ્યુમ નથી પરંતુ મારા દેશની પરંપરા, સત્ય અને અન્યાય સામેની લડતની નિશાની છે"

અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ૨' ટૂંક સમયમાં મોટા પડદે આવી રહી છે, જેમાં ઈતિહાસના એક મહત્વના પ્રકરણની વાત છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર બ્રિટિશ સામ્રાજ્ય સામે જલિયાંવાલા બાગ મુદ્દે લડેલાં વકીલ સી.સંકરન નાયરનું પાત્ર ભજવે છે. જલિયાંવાલા બાગના હત્યાકાંડ પછીની ઘટનાઓ પર આ ફિલ્મમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે.ત્યારે અક્ષયે બુધવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી હતી. જેમાં તે કેરાલાનાં પારંપરિક કથકલી નૃત્યનાં વેશમાં દેખાય છે. તેના આ લૂકને દર્શકોએ પાવરફૂલ ગણાવ્યો હતો. ફિલ્મના નવા પોસ્ટરમાં અક્ષયનો લૂક એટલો અસરકારક છે કે તેને અવગણી શકાય નહીં. આ પોસ્ટર સાથેની કૅપ્શનમાં તેણે લખ્યું કે આ માત્ર કોસ્ચ્યુમ નથી પરંતુ મારા દેશની પરંપરા, સત્ય અને અન્યાય સામેની લડતની નિશાની છે. અક્ષયે લખ્યું, "આ માત્ર એક કોસ્યુમ નથી. પરંતુ મારા દેશની પરંપરા, સત્ય અને અન્યાય સામેની લડતની નિશાની છે. સી સંકરન નાયર કોઈ હથિયાર સાથે નહોતા લડ્યા. તેઓ કાયદા અને દિલમાં વતન માટેની આગ સાથે બ્રિટિશ રાજ સામે લડ્યા હતા. આ ૧૮ એપ્રિલે અમે તમારી સમક્ષ એક એવી કોર્ટ ટ્રાયલ લઈને આવીશું, જે ટેક્સ્ટ બૂકમાં ક્યારેય ભણાવવામાં આવી નથી."અક્ષયે જેવી આ પોસ્ટ લખી કે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ હતી. ફૅન્સ અને સેલેબ્ઝ બધાંની કમેન્ટ અને રિએક્શ્નસનો વરસાદ થઈ ગયો હતો. ભૂમિ પેડનેકર, રકુલપ્રીત સિંહ સહિતના સેલેબ્ઝે આ લૂકને વખાણ્યો હતો. લોકોએ અક્ષયની આ તસવીરને પાવરફૂલ ગણાવી હતી. તો કોઈએ આ તસવીરને તેના કમબૅકનો સમય ગણાવી હતી. આ ફિલ્મમાં અનન્યા પાંડે અને આર.માધવન પણ મહત્વના રોલમાં હશે. ફિલ્મ ૧૮ એપ્રિલે રિલીઝ થશે.

# કપિલ શર્મા ૯૨ કિલોમાંથી ૮૧ કિલોનો થઈ ગયા

## પાપારાઝીના વીડિયો પર યુઝર્સે ટિપ્પણીઓથી ભરપૂર થઈ જતાં સોશિયલ મીડિયામાં ભારે હોબાળો મચી ગયો



'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ની સીઝન ૩ સાથે પાછા ફરવા માટે તૈયાર લોકપ્રિય કોમેડિયન કપિલ શર્મા તાજેતરમાં એરપોર્ટ પર જોવા મળ્યો હતો. થોડી જ વારમાં, એરપોર્ટ પરથી કપિલના વજનમાં ભારે ઘટાડો અને પરિવર્તનના વીડિયો વાયરલ થયા, જેનાથી ચાહકો ચોંકી ગયા. ઘણા લોકોએ તેના વજન ઘટાડવા બદલ તેના વખાણ કર્યા, તો કેટલાકે તેના સ્વાસ્થ્ય અને વજન ઘટાડવાની પદ્ધતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી.બુધવારે બપોરે કપિલ શર્મા મુંબઈ એરપોર્ટ પર સ્ટાઈલિશ ટીલ કો-ઓર્ડ સેટ પહેરેલા જોવા મળ્યા હતા. તેના અત્યંત પાતળા દેખાવે ઘણા નેટીઝન્સને ચોંકાવી દીધા, જેના કારણે ચાહકો તેના પરિવર્તન વિશે વાત કરવા લાગ્યા. પાપારાઝીના વીડિયો પર યુઝર્સે ટિપ્પણી ઓથી ભરપૂર થઈ જતાં સોશિયલ મીડિયામાં ભારે હોબાળો મચી ગયો. ઘણા લોકો કોમેડિયનના આ ધરખમ પરિવર્તન વિશે આશ્ચર્ય પામ્યા હતા, કેટલાક લોકો અનુમાન લગાવી રહ્યા હતા કે શું તે ઓઝેમ્પિક જેવી



ટ્રેન્ડિંગ સેલિબ્રિટી વજન ઘટાડવાની વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યો છે, જે સમગ્ર વિશ્વમાં ચર્ચામાં છે. ઘણા ચાહકોએ તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા પણ વ્યક્ત કરી હતી.કપિલ શર્માનું અચાનક વજન ઘટવું ઘણા ચાહકોને આઘાતજનક લાગે છે, પરંતુ કપિલ લોકડાઉન પછીથી તેની ફિટનેસ પર સખત મહેનત કરી રહ્યો છે. ૨૦૨૦ માં એક શૂટિંગ દરમિયાન, કપિલ શર્માએ લગભગ ૧૧ કિલો વજન ઘટાડ્યું હોવાનું જાહેર કર્યું. અર્ચના પૂરણ સિંહે ધ કપિલ શર્મા શોના શૂટિંગનો પડદા પાછળનો વીડિયો શેર કર્યો હતો. બોલિવૂડ સ્ટાર ગોવિંદાના શૂટિંગ દરમિયાન તે અર્ચના પૂરણ સિંહને કહેતો જોવા મળ્યો હતો કે તેનું વજન ૯૨ કિલોથી ઘટીને ૮૧ કિલો થઈ ગયું છે. જ્યારે તેમના પરિવર્તનનું એક મોટું કારણ આહાર હતો. ફેબ્રુઆરી ૨૦૨૫ ના અહેવાલો દર્શાવે છે કે કપિલ શર્માનો વર્કઆઉટ રૂટિન પણ એટલો જ કડક હતો. તેમણે દરરોજ લગભગ બે કલાક તાલીમ માટે ફાળવ્યા, તેમના કોચે તેમના સત્રોમાં કિકબોક્સિંગનો સમાવેશ કર્યો જેથી તેમનો સ્ટેમિના અને ફિટનેસ વધે.

### અમદાવાદની એલ.જે. યુનિવર્સિટી ખાતે

# મંત્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'વન નેશન, વન ઇલેક્શન' વિષય પર કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ખાતે લોક જાગૃતિ કેન્દ્ર યુનિવર્સિટી દ્વારા એલ.જે ઓડિટોરિયમમાં આયોજિત 'વન નેશન, વન ઈલેક્શન' કાર્યક્રમમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ તેમજ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે 'વન નેશન, વન ઈલેક્શન' વિષય પર સંવાદ કર્યો હતો.

'વન નેશન, વન ઈલેક્શન' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને સંબોધતા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ કહ્યું કે, 'વન નેશન,વન ઈલેક્શન'એક ઉમદા વિચાર છે જેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, એક દેશ એક ચૂંટણી એ ભારતની જરૂરિયાત છે. દર થોડાક મહિને ક્યાંક ને ક્યાંક ચૂંટણી યોજાતી રહે છે તેની અસર વિકાસના કામ પર પડે છે. જો આખા દેશની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી એક સાથે થાય તો ચૂંટણી પર થતા ખર્ચનો પણ ઘટાડો થાય છે. મંત્રી શ્રી વધુમાં જણાવ્યું હતું કે, 'વન નેશન વન ઈલેક્શન'ને લઈને આજે દેશમાં એક પરિવર્તનશીલ લહેર ચાલી રહી છે. પ્રથમ રાષ્ટ્રની ભાવના સાથે જ્યારે આપણે આગળ વધતા હોઈએ ત્યારે આ બાબતે સૌ કોઈએ ચર્ચા કરવી જોઈએ અને પોતાનો મત પણ રજૂ કરવો જોઈએ.

'વન નેશન, વન ઈલેક્શન' થકી દેશ અને રાજ્યને થનારા ફાયદા અંગે વાત કરતા મંત્રીશ્રી એ કહ્યું કે, 'વન નેશન, વન ઈલેક્શન'થી દેશના જીડીપીમાં વૃદ્ધિ થઈ શકે છે. નાણા તેમજ માનવ કલાકની બચત પણ થઈ શકે છે. એટલું જ નહીં કાળું નાણુંનો જે બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેને પણ અટકાવી શકાય છે.

મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, જ્યારે કોઈપણ નવો વિષય કે નવો મુદ્દો આવતો હોય ત્યારે એ મુદ્દા ઉપર વિસ્તૃતમાં ચર્ચા કે સંવાદ કરવામાં આવે ત્યારે તેનું જરૂરથી સમાધાન મળતું હોય છે, ત્યારે દેશ અને રાજ્યના યુવાનો અને વિદ્યાર્થીઓને 'વન નેશન વન ઈલેક્શન' વિષય પર દેશનો એક અવાજ બનીને આગળ આવવું જોઈએ. આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા 'વન નેશન વન ઈલેક્શન'ને લઈને પૂછવામાં આવેલા સવાલોના વિસ્તૃત જવાબ પણ મંત્રીશ્રીએ આપ્યા હતા. આ પ્રસંગે લોકજાગૃતિ કેન્દ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી દિનેશ અવસ્થી, એલ.જી યુનિવર્સિટીના ડાયરેક્ટશ્રી, ટ્રસ્ટીશ્રી, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિજય શર્મા તેમજ યુનિવર્સિટીના પ્રોફેસર્સ તેમજ મોટી સંખ્યામાં સ્ટુડન્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

### લાયબ્રેરી ભવનમાં ઈ-લાયબ્રેરી શરૂ કરવાની વ્યવસ્થા પણ ચોક્કસ કરવામાં આવશે : મંત્રીકનુભાઈ

# નાણાંમત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ.૧.૧૫ કરોડના ખર્ચે નિર્મિત સરકારી તાલુકા પુસ્તકાલય ધરમપુરનું લોકાર્પણ




। (માહિતી) વલસાડ, તા.૧૧ ।

લાયબ્રેરીમાં ૭૨થી વધુ વાચકો માટે બેઠક વ્યવસ્થા તેમજ સિનિયર સિટીઝનો માટે અલાયદા રૂમની સુવિધા નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે જિલ્લા પંચાયત વલસાડ તથા તાલુકા પંચાયત ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ૧૫ માં નાણાપંચ અને વિવિધ ગ્રાન્ટમાંથી રૂ. ૧.૧૫ કરોડના ખર્ચે ૪૦૧.૫ ચો.મી.માં નવનિર્મિત સરકારી તાલુકા પુસ્તકાલય ધરમપુરનું તકતી અનાવરણ કરી વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું. મંત્રીશ્રીએ સમગ્ર લાઈબ્રેરી ભવનની મુલાકાત લઈ સુવિધાઓની સમીક્ષા કરી હતી. સાથે સાથે મંત્રીશ્રીના હસ્તે લાઈબ્રેરી મેમ્બરશીપ કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ લાયબ્રેરી ભવનમાં ઈ-લાયબ્રેરી શરૂ કરવાની વ્યવસ્થા પણ ચોક્કસ કરવામાં આવશે. અહીં જુદા જુદા વિષયના અભ્યાસુઓને બોલાવી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે મુખ્યમંત્રી બન્યા ત્યારે આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ યોજનાની શરૂઆત કરી હતી. સ્પીપામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્લાસીસની પણ



શરૂઆત કરાવી હતી. આ યોજનાઓને કારણે આજે આદિવાસી વિદ્યાર્થીઓ સારો અભ્યાસ કરી મેડિકલ સહિતના ક્ષેત્રમાં એડમિશન લે છે. જે સીટો પહેલા ખાલી રહેતી હતી તે આજે સંપૂર્ણ ભરાય જાય છે. મંત્રીશ્રીએ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીને ગ્રાન્ટની ફાળવણી બદલ તેમજ જિલ્લા વહીવટી તંત્રને દરેક જાહેર કાર્યમાં સહયોગ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ પારડી અને ઉમરગામ તાલુકાની લાયબ્રેરીનું કાર્ય પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ લાયબ્રેરી ભવનમાં ૭૨થી વધુ વાચકો વાંચન કરી શકે તેવી બેઠક વ્યવસ્થા, સિનિયર સિટિઝન માટે અલાયદો ખંડ, ગ્રંથ ભંડાર, આપ-લે વિભાગ, સામયિક વિભાગ તેમજ દૈનિક પત્રના વિભાગની સુવિધા ઉપલબ્ધ છે. સૌપ્રથમ ૧૯૮૨માં શરૂ થયેલા આ પુસ્તકાલયમાં હાલ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી, નવલકથા, બાળ સાહિત્ય, સંદર્ભ સાહિત્ય સહિત વિવિધ સાહિત્યના ૧૯૮૮૨ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે.

### દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની ૧૦૦ આંગણવાડી કાર્યકરો/તેડાગર બહેનો, મુખ્ય સેવિકા અને NNM, એ સુમુલ ડેરી સુરત ખાતે મુલાકાત લીધી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૬ માસથી ૩ વર્ષના બાળકો, સગર્ભા બહેનો, ધાત્રીમાતાઓ અને કિશોરીઓને આંગણવાડી કક્ષાએથી THR (ટેક હોમ રેશન) આપવામાં આવે છે, તેમજ ૩ થી ૬ વર્ષના બાળકોને આપવામાં આવતા ગરમ નાસ્તામાં વપરાતા કાચા જથ્થાની સામગ્રીમાં સત્વ આંટાનો સમાવેશ થાય છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ૧૦૦ આંગણવાડી કાર્યકરો/ તેડાગર બહેનોએ THR પ્લાન્ટમાં બનતા ટેક હોમ રેશન અને સત્વ ફોર્ટિફાઈડ આટ્ટાની તમામ પ્રક્રિયા સમજવા લર્નિંગ એજ્યુકેશનલ એક્સપોઝર અર્થે સુમુલ ડેરી સુરત ખાતે મુલાકાત લીધી હતી.

લર્નિંગ એજ્યુકેશનલ એક્સપોઝર વિઝિટ દરમિયાન THR પ્લાન્ટમાં બનતા ટેક હોમ રેશન અને સત્વ ફોર્ટિફાઈડ આટ્ટાની બનાવટની પ્રક્રિયા અને મહત્વ અંગે સમજણ મેળવી હતી.

## ગુજરાત વિધાનસભા ખાતે શ્રી સરદારસિંહ રાણાની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ






। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે શ્રી સરદારસિંહ રાણાની ૧૫૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટા મહેતાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આઝાદીની ચળવળમાં શ્રી સરદારસિંહ રાણાનો સિંહફાળો રહ્યો હતો. ક્રાંતિકારી, સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા. તેઓએ વર્ષ - ૧૯૦૭માં જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં હાજર રહીને મેડમ કામા સાથે સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેઓ વર્ષ – ૧૯૧૦માં શ્રી સાવરકરના કેસને હેગ અદાલત સુધી લઇ ગયા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે સૌ પ્રથમ ફ્રાન્સમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદ માર્ટીનિક ટાપુ ઉપર ૬ વર્ષ સુધી જેલવાસ પણ તેમણે ભોગવ્યો હતો. શ્રી સરદારસિંહ રાણાની બીજા વિશ્વયુદ્ધ વખતે પણ ધરપકડ કરવામાં આવી હતી અને જયારે દેશ આઝાદ થયો ત્યારે તેઓ ભારત પરત આવ્યા બાદ હતા. શ્રી સરદારસિંહ રાણાનું નિધન ૨૫ મે, ૧૯૫૭ના રોજ વેરાવળ ખાતે થયું હતું. આ પ્રસંગે વિધાનસભાના નાયબ સચિવ શ્રી એમ.એચ. કરંગીયા, નાયબ સચિવ ડૉ. હર્ષિલ પટેલ અને ઉપસચિવ શ્રી ચિરાગ પટેલ સહીત વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહીને રાજ્યની ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ પૂજ્ય સરદારસિંહ રાણાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### 'ટેરિફ ટેરર' પર વિરામના પગલે રોકાણકારોમાં ઉત્સાહ

# અદાણી જૂથની કંપનીઓના શેરમાં તોફાની તેજીનો તરખાટ, AEL 5 ટકા ઉછળ્યો

। અમદાવાદ, તા.૧૧ ।

અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રંપના ટેરીફ ટેરરનો સામનો કરી રહેલા શેરબજારમાં શુક્રવારે અચાનક ઉત્સાહ વ્યાપ્યો હતો. શુક્રવારે ટ્રેડિંગ સત્રમાં અદાણી ગ્રુપના શેરમાં તોફાની તેજી જોવા મળી હતી. બજાર ખુલતાની સાથે જ અદાણી ગ્રુપના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જૂથની તમામ લિસ્ટેડ કંપનીઓના શેર ગ્રીન સિગ્નલમાં ટ્રેડ થઈ રહ્યા હોવાથી રોકાણકારોનો ઉત્સાહ ઉડીને આંખે વળગતો હતો.

શરૂઆતના વેપારમાં સૌથી વધુ તેજી ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસમાં જોવા મળી. ૯.૪૫ વાગ્યે તે ૪.૧૨% વધીને રૂ. ૨,૩૨૯.૦૦ પર પહોંચી ગયો હતો. NSE નિફ્ટી ૫૦ ૧.૩૨% વધીને ૨૨,૬૯૫.૪૦ પર અને BSE સેન્સેક્સ ૧.૩૪% વધીને ૭૪,૮૩૫.૪૯ પર બંધ થયો હતો. અદાણી ગ્રીન એનર્જી અને અદાણી પોર્ટ્સમાં પણ ભારે તેજી જોવા મળી હતી. જ્યારે અદાણી ગ્રીન એનર્જીના શેરનો ભાવ ૩.૭૨% વધીને રૂ. ૮૯૨.૭૫ થયો હતો. અદાણી પોર્ટ્સના શેર પણ ૨.૯૩% વધીને રૂ. ૧,૧૬૫.૦૦ પર ટ્રેડ થઈ રહ્યા હતા. અદાણી ટોટલ ગેસના શેરનો પણ સારો દેખાવ રહ્યો અને તે રૂા. ૧૬.૫૫ (૨.૮૬%) વધીને રૂા. ૫૯૫.૯૫ પર પહોંચી ગયા હતા. અદાણી પાવરના શેરના ભાવમાં રૂા. ૫૨૦.૧૫ પર ૨.૩૦% ની મજબૂતાઈ નોંધાઈ હતી. અદાણી જૂથની અન્ય કંપનીઓના શેર્સની વાત કરીએ તો,




અદાણી એનર્જી સોલ્યુશન્સે પણ બજારનો મૂડ સકારાત્મક રાખ્યો અને રૂા. ૯.૬૦ (૧.૧૫%) ના વધારા સાથે રૂા. ૮૪૭.૦૦ પર પહોંચી ગયો હતો. જ્યારે અદાણી ગ્રુપની મીડિયા કંપની દ્રહ્મફ પણ રૂા. ૨.૫૬ (૨.૨૪%) વધીને રૂા. ૧૧૬.૯૪ ના સ્તરને સ્પર્શી ગઈ. જોકે ACC એ અન્ય શેરો કરતાં થોડું ધીમું પ્રદર્શન કર્યું હોવા છતાં તે રૂા. ૧,૯૯૯.૬૫ ના વધારા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો હતો.

આ સપ્તાહના પ્રારંભે ભારે ઘટાડા બાદ મંગળવારે ભારતીય બજારોમાં શાનદાર ઉછાળો જોવા મળ્યો હતો. જેમાં અદાણી જૂથના શેરોએ પણ બાઉન્સબેક કર્યુ હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રંપે લાદેલ 'ટેરિફ ટેરર'ને કારણે ગત અઠવાડિયાથી દુનિયાભરના બજારોમાં ચાલી રહેલા મંદીના વાવાઝોડાથી ભારતીય બજાર પણ અસ્પૃશ્ય નથી. શેરબજારમાં આજનો ઉછાળો ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત ૭૫ થી વધુ દેશો માટે ટેરિફ પર ૯૦ દિવસના વિરામની જાહેરાતને પગલે આવ્યો છે.

## પરિક્રમાના રામપુરા ઘાટ, શહેરાવ ઘાટ અને ગુવાર રૂટના રોડ-રસ્તાઓ તેમજ ચારે ઘાટો પર ઉભા કરાયેલ વિવિધ સ્ટોલ સહિત આજુબાજુની જગ્યા સમયાંતરે સાફ-સફાઈ કરાઈ



। (માહિતી) નર્મદા, તા.૧૧ ।

ઉત્તરવાહિની માં નર્મદાની પંચકોશી પરિક્રમા શાંતિપુર્ણ ભક્તિભાવ સાથે પરિક્રમા ચાલી રહી છે. પરિક્રમાવાસીઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અને રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પરિક્રમાવાસીઓને ધ્યાનમાં રાખી તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પરિક્રમામાં જિલ્લા વહીવટી દ્વારા ચારે ઘાટ પર વિવિધ પ્રકારની સુવિધાઓ જેવી કે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી દિનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) અંતર્ગત તિલકવાડાની શિવમ સખી મંડળ દ્વારા પાપડીનો લોટ, બાફેલી મકાઈ, ફળફળાદીઓ તથા ઠંડા પીણા ઉપલબ્ધ કરાયા છે. તા. ૨૭ એપ્રિલ ૨૦૨૫ સુધી ચાલનારી ઉત્તરવાહિની માં નર્મદા પરિક્રમાના ૧૨ દિવસે પણ સતત યાત્રાળુઓ મોટી સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત કાળજી રાખવામાં આવી રહી છે. ત્યારે રામપુરા ઘાટ, શહેરાવ ઘાટ અને ગુવાર રૂટના રોડ-રસ્તાઓ તેમજ ચારે ઘાટો પર ઉભા કરાયેલ સ્ટોલ સહિત આજુબાજુની જગ્યાની સમયાંતરે સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. નર્મદાના ચારેય ઘાટ અને પરિક્રમા રૂટ પર ઉભી કરાયેલી સુવિધાઓનો લાભ લઈ પરિક્રમાવાસીઓ આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

## સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી પશુઓને છાંયાવાળી અને પુરતી હવા ઉજાસવાળી જગ્યાએ રાખવા અપીલ

। (માહિતી) આણંદ, તા.૧૧ ।

આણંદ જિલ્લાના પશુપાલક ભાઈઓ, બહેનોને ડૉ. મેહુલ પટેલ, નાયબ પશુપાલન નિયામક શ્રી, જિલ્લા પંચાયત આણંદ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગરમીના કલાકો સવારે ૧૧-૦૦ વાગ્યાથી બપોરના ૪-૦૦ વાગ્યા સુધી પશુઓને આરામ કરવા માટે છાંયાવાળી અને પુરતી હવા ઉજાસવાળી જગ્યાએ રાખવા જોઈએ. બપોરના સમયે ભીનાં કપડાંથી પશુનું શરીર ઢાંકવું જોઈએ. યોગ્ય હવા ઉજાસ માટે પશુઓના શેડના દરવાજા અને બારીઓ ખુલ્લી રાખવી. દિવસે તડકો હોય તે સમય દરમ્યાન પશુઓના શેડમાં શણના ભીના કોથળા બાંધવા જોઈએ, ડાંગરની પરાળી વગેરેથી છત/છાપરા ઢાંકવા, છતને સફેદ કલરથી રંગવી, પશુઓના પીવાના પાણીના હવાડા સ્વચ્છ રાખવા અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. પશુઓને દિવસમાં ઓછામાં ઓછા એકવાર, શક્ય હોય તો દિવસના ઠંડકના કલાકો દરમ્યાન વહેલી સવારે કે સાંજે સ્નાન કરાવવુ. દિવસના ગરમીના કલાકો દરમ્યાન પશુઓ અને પક્ષીઓનું પરિવહન કરવાનું ટાળવુ. ચરાવવાનો સમય વહેલા સવારે કે સાંજના સમયે નિયત કરવો. લીલાચારાની સાથે, પશુઓને ઉચ્ચગુણવત્તાવાળો ખોરાક મળી રહે તે મુજબ ખાણ-દાણ અને પૂરક આહારનો સમાવેશ કરવો અને ખોરાકની ગુણવત્તા વધારતા તત્વો (Feed additives) ઉમેરવા જોઈએ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. તમે જો નવી વ્યાપારી ભાગીદારી વિશે વિચારી રહ્યા હો - તો તમે કશુંક નક્કર પગલું લો એ પૂર્વે તમામ માહિતી તમારા હાથમાં હોય અ જરૂરી છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે સવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય, જેના કારણે તમારી વચ્ચે બોલાચાલી થઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

**કર્ક (ડ,હ) :**
અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**સિંહ (મ,ટ) :**
આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**તુલા (ર,ત) :**
આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં. તમારી આવડત દેખાડવાની તક આજે તમારી સાથે આવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**મકર (ખ,જ) :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે, જેના કારણે તમે થોડા પરેશાન થઈ શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**
તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. કેટલાક માટે નવો રોમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે. સખત મહેનત તથા યોગ્ય પ્રયાસો સારા પરિણામો તથા ઈનામ આપશે. સમયસર ચાલવા ની સાથે પ્રિયજનો ને સમય આપવો પણ જરૂરી છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં- ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## કન્નુર જિલ્લા ન્યાયાધીશ-કલેક્ટરે ચકલીને બચાવી



। (એજન્સી) કન્નુર, તા.૧૧ ।

કેરળના કન્નુર જિલ્લામાં પહેલાં ક્યારેય ન જોવા મળેલાં અભૂતપૂર્વ દ્રશ્યો જોવા મળ્યા હતા. અહીં કન્નુર જિલ્લા ન્યાયાધીશ અને કલેક્ટરે દુકાનમાં ફસાયેલી એક ચકલીને બચાવી હતી. રેસ્ક્યુ ઓપરેશન બાદ ચારે બાજુ ખુશી છવાઈ હતી અને લોકોએ આ સફળતા માટે એકબીજાનો આભાર માન્યો હતો. ચકલી કાપડની દુકાનના કાચના શોકેસમાં ફસાઈ ગઈ હતી. દુકાનને કેરળ હાઈકોર્ટના નિર્દેશો હેઠળ તાળું મારી દેવામાં આવ્યું હતું અને છેલ્લા તે છ મહિનાથી બંધ હતી. ચકલીના અવાજે બધાનું ધ્યાન ખેંચ્યું હતું અને મામલો કન્નુર જિલ્લા કલેક્ટર અરૂણ કે. વિજયન સુધી પહોંચ્યો હતો. તેમણે તાત્કાલિક ઉલ્લીકલ સ્થાનિક સંસ્થા સચિવને ચકલીને બચાવવા માટે શું કરી શકાય તે જોવા નિર્દેશ આપ્યો હતો. ત્યારબાદ વિજયને કેરળ હાઈકોર્ટના અધિકારીઓ સાથે વાત કરી હતી અને પછી હાઈકોર્ટે કન્નુર જિલ્લા ન્યાયાધીશને આ અંગે માહિતી આપી હતી. ત્યારબાદ કન્નુર જિલ્લા ન્યાયાધીશ, નિસાર અહમદ, સ્થાનિક સરકારી અધિકારીઓ સાથે ઘટનાસ્થળે આવ્યા હતા.

## પેકેજ્ડ ફૂડ પર વોર્નિંગ લેબલ મુકો : સુપ્રીમ કોર્ટનો નિર્દેશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ત્રણ મહિનાની અંદર પેકેજ્ડ ફૂડ પર વોર્નિંગ લેબલિંગ અંગે નવા નિયમો બનાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ આદેશ એક જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન આપ્યો હતો. જેમાં દરેક પેક્ડ ખાદ્ય પદાર્થના આગળના ભાગમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આનાથી લોકોને ખબર પડશે કે તે વસ્તુમાં કેટલી ખાંડ, મીઠું કે હાનિકારક ચરબી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) હેઠળ હૈદરાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન (NIN)એ ભારતીયો માટે આહાર માર્ગદર્શિકા જારી કરી છે. NINએ કહ્યું, 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના કડક ધોરણો છે, પરંતુ લેબલ પર આપવામાં આવેલી માહિતી ગેરમાર્ગે દોરનારી હોઈ શકે છે.' આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્રએ કોર્ટનું ધ્યાન એ સોગંદનામા તરફ દોર્યું જેમાં કહેવામાં આવ્યું હતું.




ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

### કલમ ૪૪(3) માહિતી અધિકાર ધારાને અર્થહિન બનાવતી હોવાનો દાવો

## DPDP ધારાની જોગવાઈઓ રદ કરવા INDIA બ્લોકની માગણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટની કેટલીક જોગવાઈઓ નાબૂદ કરવાની માગ કરતા વિપક્ષી INDIA ગઠબંધનને જણાવ્યું હતું કે ધારાની જોગવાઈઓ ગોપનીયતાના રક્ષણના બહાના હેઠળ જાહેર માહિતીની ઉપલબ્ધતામાં કાપ મૂકે છે અને તે માહિતી અધિકાર કાયદાને બિનઅસરકાર બનાવે છે. આ ધારાને ૨૦૨૩માં સંસદની મંજૂરી મળી હતી. ધારાની કલમ ૪૪(૩)ને નાબૂદ કરવાની માગણી સાથે વિપક્ષી નેતાઓએ એક સંયુક્ત પ્રેસ કોન્ફન્સ યોજી હતી. કોંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ જણાવ્યું હતું કે એક્ટની




અસરોનો અભ્યાસ કરતાં જણાયું છે કે તાજેતરના સુધારાઓ નાગરિકોના અધિકારો અને પ્રેસ સ્વતંત્રતા મોટો કાપ મૂકે છે. અગાઉ વિપક્ષીને ચિંતાને ફગાવી દેતા અશ્વિની વૈષ્ણવને જણાવ્યું હતું કે તેનો હેતુ વ્યક્તિઓના ગોપનીયતા અધિકારોને મજબૂત બનાવવા-કાયદાના સંભવિત દુરુપયોગને રોકવાનો છે.

### 'તારા કાકી બસપાના વડા છે, ફ્લેટ અને ૫૦ લાખની વ્યવસ્થા કરો'

## બસપા સુપ્રીમો માયાવતીની ભત્રીજીએ પતિ, સાસરિયાઓ સામે દહેજ ઉત્પીડનનો કેસ કર્યો

। (એજન્સી) હાપુડ, તા.૧૧ ।

બસપા સુપ્રીમો માયાવતીની ભત્રીજીએ તેના પતિ સહિત સાસરિયા પક્ષના સાત લોકો સામે દહેજ માટે ત્રાસ આપવાનો ગંભીર આરોપ લગાવીને કેસ દાખલ કર્યો છે. પીડિતા એલિસ માયાવતીના ભાઈ નરેશ કુમારની પુત્રી છે. કોર્ટના આદેશ બાદ હાપુડ પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને માસા વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. એલિસના સાસુ હાપુડ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન છે. એલિસે કહ્યું હતું કે, તેના સાસરિયાઓ તેને ધમકી આપી છે કે, 'તારા કાકી બસપાના વડા છે, તેમની પાસે ઘણા પૈસા



છે. ફ્લેટ અને ૫૦ લાખ રૂપિયાની વ્યવસ્થા કરો. જ્યારે મેં ના પાડી ત્યારે તેમણે મારી સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું હતું. ઢોર માર માર્યા બાદ મારી નાખવાની ધમકી પણ આપી હતી. એટલું જ નહીં, જો અંગે કોઈને કહ્યું તો ગંભીર પરિણામ ભોગવવા પડશે અને કોઈને મો પણ બતાવી નહીં શકે તેવી ધમકી આપી હતી.

### સ્ટુડન્ટ વિઝા, ગ્રીન કાર્ડ્સ માટેની અરજીઓ પર લાગુ થશેઃ USCIS

## સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ કરશો તો યુએસ વિઝા રદ્દ થશે




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના વિઝા લેવાનું વિચારી રહ્યાં હોવ તો તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટનું ખાસ ધ્યાન રાખજો. સોશિયલ મીડિયા પર તમે કરેલી એક પોસ્ટથી તમારા વિઝા અટકી જશે અથવા તો રદ થઈ જશે. અમેરિકાના પ્રમુખ તરીકે બીજી વખત ચૂંટાઈ આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક આશ્ચર્યજનક નિર્ણયો લઈ રહ્યાં છે. રાષ્ટ્રપ્રમુખ બન્યાના ગણતરીના દિવસોમાં જ ટ્રમ્પે સોશિયલ મીડિયાના કોઈ પણ પ્લેટફોર્મ પર અમેરિકાની નિંદા કરનાર કે તેની ટીકા કરનારાઓનો વિઝા રદ કરવાની ચીમકી આપી હતી. હવે અમેરિકન સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દ્વારા આ બાબતની સત્તાવાર રીતે જાહેર કરાઈ છે. USCIS દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, તેઓ વિઝા માટે અરજી કરનારા અને ઈમિગ્રન્ટ્સના સોશિયલ મીડિયા એકાઉન્ટની ચકાસણી કરશે અને જેમણે પોતાના એકાઉન્ટ્સમાં એન્ટિ-સેમિટિક (યહુદીઓ વિરોધી) કોમેન્ટ્સ કરી હશે તેમના વિઝા કે રેસિડેન્સી પરમિટ રદ કરવામાં આવશે. આ નીતિ તાત્કાલિક અસરથી અમલી બનાવાઈ છે અને તે સ્ટુડન્ટ વિઝા તથા ગ્રીન કાર્ડ્સ માટેની અરજીઓ પર લાગુ થશે. ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીઝના મદદનીશ સચિવ ટ્રિસિઆ મેકલાફલિને જણાવ્યું હતું કે, આતંકવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવનારા દુનિયાના લોકો માટે અમેરિકામાં કોઈ જગ્યા નથી. તેમને અહીં આવવા દેવા કે અહીં રહેવા દેવા અમે બંધાયેલા નથી. USCISના જણાવ્યાં અનુસાર એન્ટિ-સેમેટિક પોસ્ટ્સમાં અમેરિકા દ્વારા ત્રાસવાદી જાહેર કરાયેલા હમાસ, હેઝબોલ્લા તથા હુથી જેવા આતંકવાદી જૂથોનું સમર્થન કરતી પોસ્ટ્સનો સમાવેશ થાય છે.

### સિનિયર સિટિઝનનું કન્સેશન બંધ કરતા

## રેલવેને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૮,૯૧૩ કરોડની કમાણી

### કોરોના મહામારી પહેલા વરિષ્ઠ નાગરિકોને ટિકિટમાં ૫૦% સુધી ડિસ્કાઉન્ટ મળતું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય રેલ્વેએ વરિષ્ઠ નાગરિકો માટે ટિકિટમાં રાહત પાછી ખેંચીને પાંચ વર્ષમાં આશરે રૂ.૮,૯૧૩ કરોડની વધારાની આવક મેળવી છે. માહિતી અધિકાર કાયદા હેઠળની અરજીઓના સેન્ટર ફોર રેલ્વે ઈન્ફર્મેશન સિસ્ટમ્સે આપેલા જવાબમાં આ ખુલાસો થયો હતો. સેન્ટર ફોર રેલ્વે ઈન્ફર્મેશન સિસ્ટમ્સ (CRIS) રેલવે હેઠળ કામગીરી કરે છે અને તે ટિકિટ અને પેસેન્જર ડેટા સહિતની માહિતી જાળવે છે. ૨૦ માર્ચ, ૨૦૨૦ પહેલા રેલ્વે મંત્રાલય ૬૦ વર્ષથી વધુ ઉંમરના પુરૂષો અને ટ્રાન્સજેન્ડરો તથા ૫૮ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને તમામ વર્ગોની ટ્રેન ટિકિટ પર અનુક્રમે ૪૦ ટકા અને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપતું હતું. જોકે કોરોના મહામારીના પ્રારંભ સાથે ટિકિટમાં આ કન્સેશન પાછું ખેંચી લીધું હતું. આરટીઆઈ હેઠળ હેઠળ મળેલા ડેટા અનુસાર ૨૦ માર્ચ, ૨૦૨૦થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૫ સુધી ૩૩.૩૫ કરોડ વરિષ્ઠ નાગરિકો (પુરુષ, મહિલા, ટ્રાન્સજેન્ડર)એ ટિકિટમાં કન્સેશન પાછું ખેંચી લેવામાં આવ્યા પછી વધારાના રૂ.૮,૯૧૩ કરોડ ચુકવવા પડ્યાં હતાં. મધ્યપ્રદેશના આરટીઆઈ કાર્યકર્તા ચંદ્ર શેખર ગૌરે જણાવ્યું હતું કે તેમણે ૨૦ માર્ચ ૨૦૨૦ પછીથી સંખ્યાબંધ અરજીઓ કરી હતી. તેના આધારે મળેલા ડેટાના વિશ્લેષણમાં જણાયું છે કે ૨૦ માર્ચ ૨૦૨૦થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં ૧૮.૨૭૯ કરોડ પુરુષો, ૧૩.૦૬૫ કરોડ મહિલા અને ૪૩,૪૩૬ ટ્રાન્સજેન્ડર સહિતના સિનિયર સિટિઝનનોએ રેલવેમાં મુસાફરી કરી હતી. આ તમામ મુસાફરો પાસેથી રૂ.૨૦,૧૩૩ કરોડની કુલ આવક રેલવેની થઈ હતી. પુરુષ અને ટ્રાન્સજેન્ડર માટેના ટિકિટમાં ૪૦ ટકા અને મહિલા માટેના ૫૦ ટકા ડિસ્કાઉન્ટને ધ્યાનમાં લેવામાં આવે તો રેલવેને આશરે રૂ.૮,૯૧૩ કરોડની વધારાની આવક થઈ હતી. રેલ્વે મંત્રાલયે ભૂતકાળમાં અનેક વખત વરિષ્ઠ નાગરિકોની ટિકિટમાં ડિસ્કાઉન્ટ ફરી ચાલુ કરવાની માગણીને ફગાવી ચુક્યું છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ૧૯ માર્ચ ૨૦૨૫માં લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે સમાજના તમામ વર્ગોને સસ્તી સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરે છે અને ૨૦૨૨-૨૩માં મુસાફરોની ટિકિટ પર રૂ.૫૬,૯૯૩ કરોડની સબસિડી આપી હતી, જે રેલ્વેમાં મુસાફરી કરતા દરેક વ્યક્તિને સરેરાશ ૪૬ ટકા કન્સેશન થાય છે.

### સામાજિક ન્યાયના પાયાની મજબૂતી માટે જાતિ આધારિત વસતિ ગણતરી જરૂરી

## બહુજનો તેમના ભાવિને લગતાં મુદ્દાઓ માટે કોંગ્રેસનું સમર્થન કરેઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સામાજિક ન્યાય હાંસલ કરવાના કોંગ્રેસના નિર્ધારનો પુનરોચ્ચાર કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, બહુજનોએ તેમના ભાવિને લગતાં મુદ્દાઓ માટે પક્ષને સમર્થન આપી તેના હાથ મજબૂત કરવા જોઈએ. રાહુલે વધુમાં જણાવ્યું હતું કે, બંધારણીય ખાતરી આધારિત સામાજિક ન્યાયનો પાયો માત્ર રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસતિ ગણતરીથી જ મજબૂત થઈ શકે છે. એક્સ પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં ગઈકાલે યોજાયેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં કોંગ્રેસે દેશના બહુજનોને તેમનો હિસ્સો આપી સામાજિક ન્યાયને મજબૂત બનાવવા માટે ત્રણ ઐતિહાસિક ઠરાવ કર્યાં છે. અમે રાષ્ટ્રીય કાયદો લાવી અનામતની ૫૦ ટકાની મર્યાદા દૂર કરીશું. કેન્દ્રીય કાયદો બનાવી એસસી/એસટી સબ પ્લાનને કાનૂની આકાર આપીશું અને આ વર્ગના લોકોની વસતિના આધારે બજેટમાં તેમને હિસ્સો આપીશું. બંધારણની કલમ



૧૫(૫)માં દર્શાવ્યાં અનુસાર, એસસી, એસટી અને ઓબીસી માટે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના અધિકારનો અમલ કરીશું. બહુજનોને અમારો સ્પષ્ટ સંદેશ છે કે, તમારા ભવિષ્યને લગતાં મુદ્દાઓ માટે અમને સહયોગ આપી અમારા હાથ મજબૂત કરો, કારણકે 'હાથ બદલેગા હાલાત'.

**વિશેષ**

### પ્રાકૃતિક ખેતીપ કૂદરતનું સાનિધ્ય, ઉપજ અને આવક બમણા...

## દેત્રોજ વિસ્તારમાં ઘન જીવામૃતનો પ્રથમ પ્રયોગ કરનાર મહેન્દ્રભાઈ મગફળી અને શક્કરટેટીના ભાવ અનેકગણા મેળવે છે

। (માહિતી) હિમાંશુ ઉપાધ્યાય, અમદાવાદ ।

ગુજરાત પ્રાકૃતિક ખેતી માટે નીત નવા આયામો પ્રસ્થાપિત કરી રહ્યું છે. પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક તરફ ખેડૂતો વળ્યા છે. પરિણામે ન ધારેલી સફળતા મળી રહી છે. ઉત્પાદન અને નફામાં વધારો થયો છે. સાથે સાથે ગુજરાતના ઉત્પાદનો દેશભરમાં પહોંચ્યાના દાખલા પણ સામે આવ્યા છે. અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના શિહોર ગામની શક્કરટેટી અને તેની મીઠાશ કાશ્મીરના શ્રીનગર સુધી પહોંચી છે, એ આપણા માટે ગૌરવની વાત છે.

શિહોર ગામના ખેડૂત શ્રી મહેન્દ્રભાઈ અને તેમના પત્ની જયશ્રીબેન એમ ખેડૂત દંપત્તિએ પ્રાકૃતિક ખેતી કરીને ૨૨ ટન જેટલી શક્કરટેટીની શ્રીનગર ખાતે નિકાસ કરી છે.







'મારી પાસે લગભગ ૭૦ વિઘા જમીન છેપહું પહેલા સામાન્ય ખેતી કરતો હતો. પણ રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીની અપીલ કરી અને મેં પહેલ કરી. આજે હું મારી બધી જમીનમાં પ્રાકૃતિક ખેતી કરુ છુ. મારા પિતાજી હંમેશા ગાયની સેવા કરવાનું કહેતા. મારા પિતાજીની એ સલાહ અમે અક્ષરસઃ અપનાવી. જો કે અમને એમાં રાજ્ય સરકારની યોજનાનો લાભ મળ્યો. આજે ગાયનું છાણ મને પ્રાકૃતિક ખેતી કરવામાં અત્યંત ઉપયોગી થયું છે...અને મારી ઉપજ અને આવક અનેકગણા વધ્યા છે.' અમદાવાદ જિલ્લાના દેત્રોજ નજીક શિહોર ગામના ખેડૂત શી મહેન્દ્રભાઈ રાવલના આ શબ્દો ઘણું બધુ કહી જાય છે.

શ્રી મહેન્દ્રભાઈ આમ તો મોટા ખેડૂત છે, ખાસ્સી જમીન પણ છે પરંતુ ૩૦ વિઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરે છે. મગફળી અને શક્કરટેટી ઉપરાંત શાકભાજીની ખેતી પણ કરે છે. ગત વર્ષે એમણે કુલ પૈકી માત્ર સાડા ચાર વિઘા જમીનમાં શક્કરટેટી વાવી હતી. ગત વર્ષે 'ગોલ્ડન ગ્લોરી' નામે ઉછેરેલી ૨૨ ટન શક્કરટેટીની નિકાસ કરવી એ નાની વાત નથી. કુલ ઉત્પાદન રૂપિયા ૬.૫૦ લાખનું થયું હતું ખર્ચ બાદ કરતા રૂપિયા ૫ લાખનો ફાયદો થયો હતો.

આજ રીતે આ ખેડૂત દંપત્તિએ મગફળી વાવીને વેલ્યુ એડીશન અપનાવ્યું છે. શક્કરટેટી પછી મગફળી વાવીને ૩૦ મણ ઉત્પાદન મેળવ્યું હતું. આ ખેડૂતે મગફળી પીલીને પોતાનું તેલ બનાવ્યુ અને ૭૦ ડબ્બા જેટલું તેલ બજારમાં વેચાણ માટે મુક્યુ હતું. તેલ બાદ વધેલો ખોળ ગૌ શાળામાં ગાયોને કામ આવ્યો હતો.

શ્રી મહેન્દ્રભાઈ કહે છે કે, 'આ વર્ષે- ૨ વિઘામાં ફલાવર-કોબી- લીલા મરચા વાવ્યા છે જ્યારે ૧.૫ વિઘામાં શક્કરટેટી- ૧ વિઘામાં લસણ તથા શાકભાજી વાવ્યા છે. પ્રાકૃતિ રીતે વાવેલા ઉત્પાદનોની બજારમાં મોટી માંગ હોઈ તેમાંથી સારો નફો પણ મળે છે' એમ તેઓ ઉમેરે છે.

શ્રી મહેન્દ્રભાઈએ રાજ્ય સરકારની દૂધાળા પશુ સ્વરોજગાર યોજના (૧૨ દૂધાળા પશુ ફાર્મ સ્થાપના)નો લાભ લીધો છે. રૂ. ૪,૭૦,૦૦૦ની સબસીડીનો લાભ સાથે એક એક કરતા આજે ૪૦ જેટલી ગીર ગાયો ધરાવે છે. ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ તેમણે પુર્ણ સ્વરૂપે અપનાવ્યો છે. શ્રી મહેન્દ્રભાઈ આ ગીર ગાયોનો ખુબ સારી રીતે ઉછેર કરે છે. વાર્ષિક ૩૦,૦૦૦ લીટર દૂધ ઉત્પાદનમાંથી વાર્ષિક આવક અંદાજે રૂ. ૧૫ થી ૧૭ લાખ અને તેમાંથી અંદાજે ૭ લાખનો ચોખ્ખો નફો મેળવે છે., પણ આ ગાયના છાણમાંથી તેઓ ઘન જીવામૃત પણ બનાવે છે. અમદાવાદ જિલ્લાના નાયબ પશુપાલન નિયામક શ્રી સુકેતુ ઉપાધ્યાય કહે છે કે, 'મહેન્દ્રભાઈને દૂધાળા પશુ સ્વરોજગાર યોજના (૧૨ દૂધાળા પશુ ફાર્મ સ્થાપના)નો લાભ તો મળ્યો જ છે, પરંતુ પશુપાલનખાતાના માર્ગદર્શન હેઠળ તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવી તેના આગવા પરિણામ પણ મેળવ્યા છે...અમદાવાદ જિલ્લામાં ધીમે ધીમે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.' એમ તેમણે ઉમેર્યું હતું. શ્રી મહેન્દ્રભાઈ કહે છે કે, 'પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત એ પાયો છે. ૨૦૦ લિટર પાણીમાં ૧૦ કિલો છાણ,૧૦ લિટર ગૌમૂત્ર,૧ કિલો કઠોળનો લોટ,૧ કિલો દેશી ગોળઅને ૫૦૦ ગ્રામવડ નીચેનીમાટીનું મિશ્રણ કરી જીવામૃત તૈયાર કરતો હતો...પણ મેં આ વિસ્તારમાં ઘન જીવામૃત બનાવવાની આગવી પધ્ધતિ વિક્સાવી છે...ગાયના ૧૦૦કિલો ગ્રામ છાણ,૧ કિલો દેશી ગોળ, ૧ કિલો ચણાનો લોટનું મિશ્રણ કરી તેમાં ૨ લિટર જીવામૃત ઉમેરીને આ મિશ્રણને ૪૮ કલાક છાયામાં રાખ્યા બાદ દિવસમાં ૩-૪ વખત ઉપર નીચે કરી તે સુકાયા બાદગાંગડાનો ભુકો કરીઘન જીવામૃત બનાવ્યું છે. શક્ય છે કે, રાજ્યમાં અન્ય જગાએ કોઈ બનાવતુ હશે પણ દેત્રોજની આસપાસના વિસ્તારમાં મેં પ્રથમ પ્રયોગ કર્યો છે. જો કે ઘન જીવામૃત માટે કુલ ખર્ચ ૧.૩૦ હજારના ખર્ચ સામે આત્મા પ્રોજેક્ટ હેઠળ ૬૦ હજાર સહાય પણ મળી છે. તેમના ખેતરમાં ઉપયોગ પછી નજીવા ભાવે અન્ય ખેડૂતને પણ આપવામાં આવે છે.' એમ તે ઉમેરે છે.

શ્રી મહેન્દ્રભાઈ ગીર ગાયોના ખવડાવવા માટે પ્રાકૃતિક ઘાસ ઉગાડે છે. કપાસની પાંખડી, યુરિયા કે ખાતર વિનાનું ઘાસ અને જરૂરી મિનરલ્સ, વિટામીન પણ આપે છે. તો ઘન જીવામૃતના સથવારે પ્રાકૃતિક ખેતી કરીને કૂદરતના સાનિધ્ય સાથે ઉપજ અને આવક બમણી મેળવે છે.

આમ આ યોજનાના પગલે શ્રી મહેન્દ્રભાઈએ કૂદરતનું સાનિધ્ય તો મેળવ્યું જ છે પરંતુ સાથે સાથે આવક અને ઉપજ પણ અનેકગણા કર્યા છે.



### ફસાયેલા લોકોનું સ્થાનિકોએ રેસ્ક્યું કર્યું । ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની પણ ૭ થી વધારે ગાડીઓ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો

# અમદાવાદઃ ખોખરામાં આવેલ પરિષ્કારમાં આગનો બનાવ

। (એજન્સી) અમદાવાદ તા.૧૧ ।

શહેરના ખોખરામાં આવેલ પરિષ્કાર વિભાગ-૧ના બ્લોકમાં ભયંકર આગ લાગી હતી. જેના કારણે બિલ્ડિંગમાં રહેતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે પરિષ્કારમાં રહેતા સ્થાનિકો દ્વારા જ અમુક લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આગે એટલું પ્રચંડ સ્વરૂપ ધારણ કરી લીધું કે કમ્પાઉન્ડ એરિયામાં દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા ઉડતા નજરે પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો પણ તુરંત સ્થળે પહોંચ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની પણ ૭ થી વધારે ગાડીઓ સ્થળ પર પહોંચી હતી. જેમાં ફાયર વિભાગ દ્વારા આગ પર કાબુ મેળવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. આગની આ ઘટનાને લઈને સ્થળ પર મોટા પ્રમાણમાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. જેમાં સ્થાનિકો દ્વારા લોકોનું રેસ્ક્યુ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ આ રેસ્ક્યુ ઘણું જ જોખમી હતું. આ આગની ઘટનાને કારણે મોટા પ્રમાણમાં લોકો એકઠા થઈ ગયા હતા. બિલ્ડિંગમાં ફસાયેલા લોકો ધુમાડાની ગૂંગળામણને કારણે બહાર નીકળવા પ્રયાસ કરતા હતા. જેમાં સ્થાનિકો દ્વારા તેમનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ રેસ્ક્યુ ખરેખરમાં જોખમી હતું. કારણ કે એક યુવતી તો રેસ્ક્યુ સમયે નીચે પડતાં પડતાં બચી હતી. જ્યારે અન્ય બે બાળકોનું સફળ રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઈલેક્ટ્રીક વાયરોમાં આગ લાગી હોવાને કારમે આખી બિલ્ડીંગમાં આગ ફેલાઈ ગઈ હતી. જેમા ત્રીજા માળે શોર્ટ સર્કીટ થયા પછી આખી બિલ્ડીંગમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ લાગ્યા પછી બિલ્ડીંગ આખી જાણે કે ધુમાડાના ગોટામાં ફેરવાઈ ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જોકે બીજી તરફ ફાયર વિભાગ દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. સાથે જ આ આગની ઘટનામાં કોઈને જાનહાની નથી પહોંચી અને સૌ કોઈ સહી સલામત છે. પરંતુ ભીષણ આગને કારણે સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ ફેલાયો હતો.

## સાબરમતી રિવરફ્રન્ટમાં ફરી બોટિંગ સેવા શરૂ કરવા મથામણ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ચાલતી બોટિંગની સેવા છેલ્લા ઘણાં સમયથી બંધ કરવામાં આવી હતી. ત્યારે હવે સાબમરતી રિવરફ્રન્ટ પર બોટિંગની મજા માણવા ઈચ્છતા લોકો માટે સારા સમચાર છે. કારણ કે, રિવરફ્રન્ટ ખાતે ફરી બોટિંગ સર્વિસ શરુ કરાશે.

ક્યારે બોટિંગ સેવા શરુ કરાશે?

મળતી માહિતી અનુસાર, અમદાવાદ રિવરફ્રન્ટ પર બોટિંગ સેવા ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે. જેને લઈને ઈન્સ્ટિટ્યુટ ઑફ રિઝર્વોયર સ્ટડીઝદ્વારા નિરીક્ષણ કરાયું છે. સ્થળનું નિરીક્ષણ અને બોટિંગ સેફટીને અંગે રિપોર્ટ તૈયાર કરી કમિશ્નરમાં આપવામાં આવશે. કમિશ્નરની મંજૂરી મળ્યા બાદ અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર ફરી બોટિંગ સેવા શરુ થશે. ઉલ્લેખનીય છે કે, વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતાં વિદ્યાર્થીઓ સહિત ૧૪ લોકોનાં મોત થયા હતા. આ હરણીકાંડના કારણે રાજ્યભરમાં નદી કે તળાવમાં ચાલતી બોટિંગ સેવાને તકેદારીના ભાગરૂપે બંધ કરી દેવામાં આવી હતી.

## અંકલેશ્વરની સ્કૂલમાં ગેસ સિલિન્ડર લીક થતાં લાગી આગ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૧ ।

ગુજરાતમાં આગ દઝાડતી ગરમી પડવાનું શરૂ થઈ ગયું છે, ત્યારે આગ લાગવાની ઘટનાઓ સતત વધી રહી છે. આજે (શુક્રવારે) અંકલેશ્વરના ગોયા બજારમાં આવેલી સરકાર સ્કૂલમાં આગ લાગી હતી. શાળામાં મધ્યાહન ભોજનની તૈયાર વખતે ગેસ લીકેજના કારણે આગ ફાટી નીકળી હતી. જોકે શિક્ષકો અને મધ્યાહન ભોજનના કર્મચારીઓની સમયસૂચકતા અને સૂઝબૂઝના મોટી જાનહાનિ ટળી હતી. આગ ફાટી નીકળતાં શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા.

## વડગામ તાલુકાના શેરપુરામાં પુત્રએ માથામાં પાવડો મારતાં માતાનું મોત

। (એજન્સી) વડગામ, તા.૧૧ ।

વડગામ તાલુકાના શેરપુરા (સે) ગામમાં ૨૫ વર્ષિય પુત્રએ કોઈ અગમ્યકારણોસર માતાના માથામાં પાવડો મારી દેતાં માતાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બાબતે વડગામ પોલીસે પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વડગામ પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શેરપુરા (સે) ખાતે રહેતા સુરેશભાઈ ધનજીભાઈ કટારીયાનાં પત્ની મધુબેન (ઉ.વ.૫૦)ને બુધવારે સવારે સાડા દસેક વાગ્યાના અરસામાં તેમના પુત્ર પરીમલે કોઈ અગમ્ય કારણોસર ઉશ્કેરાઈ જઈને ઘરની બહાર પડેલો લોખંડનો પાવડો માર્યો હતો.

### દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રૂટ ધરાવવામાં આવ્યા હતા

# શ્રી કષ્ટભંજન દેવને શ્રીલંકાથી મંગાવેલા ફૂલો અને થાઇલેન્ડના હારનો શણગાર કરાયો

। (એજન્સી) સાળંગપુર, તા.૧૧ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામ ખાતે આવેલા શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને આજે (૧૧ એપ્રિલ ૨૦૨૫) શ્રીલંકાથી મંગાવેલા વિવિધ જાતના ફૂલો અને સેવંતીના ફૂલોનો દિવ્ય શણગાર કરાયો હતો. આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. વારે ૭:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાના સિંહાસનને શ્રીલંકાથી મંગાવેલા ફૂલોથી શણગારવામાં આવ્યું હતું તેમજ થાઈલૅન્ડથી દાદા માટે ફૂલોનો હાર મંગાવવામાં આવ્યો હતો. દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રૂટ ધરાવવામાં આવ્યા હતા. ૨૦૦ કિલો સેવંતીના મીક્સ ફૂલનો શણગાર, ૧૦૦૮ કિલો પુષ્પોથી પુષ્પવર્ષા,



૧૦૦૮ કિલો સુખડીનો ભોગ ધરાવાયો, ૧૦૦૮ મંત્રોચ્ચારથી દાદાનું ભવ્ય પૂજન પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપન્ન થયું હતું. હજારો ભક્તોએ દાદાની દિવ્ય આરતી પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

મહત્ત્વનું છે કે શ્રી સાળંગપુર ધામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજની રાજોપચાર પૂજા ઘણી વખત કરવામાં આવે છે. ભગવાન શ્રી રામના સમર્પિત સેવક હનુમાનજી મહારાજ પણ એક રાજાની જેમ પોતાના ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરે છે, તેથી જ શ્રી સાળંગપુર ધામમાં કોઈને કોઈ કારણસર રાજોપચાર પૂજન કરવામાં આવે છે. જે ઉપચારથી રાજા પ્રસન્ન થાય છે તેને રાજોપચાર પૂજા કહે છે. શ્રી હનુમાનજી મહારાજ શાસ્ત્રોમાં પારંગત છે. જેઓ વેદોના રહસ્યો જાણે છે, તેથી જ રાજોપચાર પૂજામાં ચાર વેદના મંત્રો સૌપ્રથમ હનુમાનજી મહારાજને સમર્પિત થાય છે. ત્યારબાદ પ્રાંતિક ભાષામાં લખેલા શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો અને ગાનનું પણ હૃદયપૂર્વક પાઠ કરવામાં આવે છે. જેમ રાજાને સંગીત અને નૃત્ય ગમે છે, તેવી જ રીતે હનુમાનજી મહારાજની સામે શાસ્ત્રીય સંગીત સહિત વિવિધ સંગીતના સાધનો વડે સંગીત રજૂ કરવામાં આવે છે અને નર્તકો પણ નૃત્ય કરીને હનુમાનજી મહારાજને પ્રસન્ન કરે છે. વિવિધ વસ્ત્રો, આભૂષણો, સ્વાદિષ્ટ નૈવેદ્ય અને મંગલ નિરાજન પણ હનુમાનજી મહારાજને સમર્પિત છે.

### નોટો છાપવાનું મોટા કૌભાંડમાં હાલ સુધી ૧૧ લોકોની ધરપકડ કરાઇ

# લીમડિયામાં ઘરમાં ૫૦૦ના દરની નકલી નોટો છાપવાનાં ગોરખધંધાનો પર્દાફાશ

। (એજન્સી) દાહોદ, તા.૧૧ ।

દાહોદ જિલ્લાના સરહદી રાજસ્થાનમાં નકલી નોટો છાપવાનું મોટા કૌભાંડમાં હાલ સુધી ૧૧ લોકોની ધરપકડ કરાઇ છે ત્યારે આ નોટો દાહોદમાં પણ છપાઇ હોવાના ઘટસ્ફોટ બાદ એક્શનમાં આવેલી દાહોદ પોલીસે ફતેપુરા તાલુકાના લીમડિયા ગામમાં ઘરમાં નકલી નોટો છાપવાનો ગોરખધંધો ઝડપી પાડ્યો છે. ઘરમાંથી સિક્યુરીટી થ્રેડ પિન્ટ કરેલા, કાળી પટ્ટી વાળા અને નોટો પ્રિન્ટ કરેલા કાગળો મળી આવતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આ મામલે ઘર માલિક દંપતિના સાત દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે જ્યારે આ ગોરખધંધામાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવનાર છાલોર,વાંગડ અને પેથાપુર ગામના અન્ય ત્રણ યુવકોની પણ ધરપકડ કરવામાં આવી છે.પ્રાપ્ત વિગત અનુસાર પાડોશી રાજ્ય રાજસ્થાનના બાંસવાડામાં જિલ્લામાં નકલી નોટો છાપવાના પ્રકરણ બાદ દાહોદ પોલીસે મેદાને આવીને ચાર શંકાસ્પદ નંબરો ટ્રેસ કર્યા હતાં.તેમાં ફતેપુરા તાલુકાના લીમડિયા ગામના માંડલી ફળિયામાં રહેતાં કાનજી ગરાસિયાના નંબરના આધારે તેના ઘરે છાપો મારતાં પોલીસ ચોંકી ઉઠી હતી. અહીંથી પોલીસને ૫૦૦ના દરની ચલણી નોટ ઉપર જોવા મળતાં લીલી પટ્ટી વાળા સિક્યુરીટી થ્રેડ પિન્ટ કરેલા ૧૪૩ કાગળો સાથે કાળા રંગની તુટ્ટક પટ્ટી પ્રિન્ટ કરેલા અન્ય ૩૩૨ ઝેરોક્ષ કાગળો મળ્યા હતાં. આ સાથે ૫૦૦ના દરની ૪૨ નોટો પ્રિન્ટ કરેલા ૧૪ કાગળો પણ મળી આવ્યા હતાં. આ મામલે પોલીસે કાનજી ગરાસિયા અને આ ગોરખધંધમાં શામેલ તેની પત્ની અશ્વિનાબેનની ધરપકડ કરી હતી.આ બંનેની ઘનિષ્ઠ પુછપરછ કરતાં અર્થતંત્રને ખોરવવાના આ કૌભાંડમાં શામેલ અન્ય લોકોના નામ સામે આવ્યા હતાં. આ મામલે ગુનો દાખલ કર્યા બાદ ગુરુવારની સાંજે પોલીસે દંપતિને કોર્ટમાં રજૂ કરીને તેમના સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ સાથે પોલીસે ટીમો બનાવીને નકલી નોટો છાપવામાં વિવિધ ભૂમિકા ભજવનારા ફતેપુરા તાલુકાના છાલોર ગામના નિશાળ ફળિયાના મુકેશ કામોળ, વાંગડા ગામના નદી ફળિયાના રાકેશ પારગી અને ઝાલોદના પેથાપુર ગામના તળ ફળિયાના હરિશચંદ્રની પણ ધરપકડ કરી લીધી હતી.

### પેટલાદ ખાતે રિહર્સલ યોજાયું

# પેટલાદની કોલેજ ચોકડી પાસેના નવનિર્મિત ઓવરબ્રિજનું આજે મુખ્યમંત્રી લોકાર્પણ કરશે





। આણંદ, તા.૧૧ ।

આજે તા.૧૨ એપ્રિલ, શનિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે નડિયાદ-પેટલાદ-ખંભાત રોડ પર પેટલાદ કોલેજ ચોકડી પાસેના રૂપિયા ૩૧ કરોડના ખર્ચે નવ નિર્મિત ઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે. જેનું રિહર્સલ આજે જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી ની ઉપસ્થિતિમાં પેટલાદ ખાતે યોજવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીની સાથે પેટલાદના મદદનીશ કલેકટર શ્રી હિરેન બારોટ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી દિયોરા કાર્યપાલક ઈજનેર શ્રી ગઢવી સહિતના અધિકારીઓ જોડાયા હતા.

## રાજકોટ અને પાટણ કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી એરપોર્ટ, સ્કૂલ અને યુનિવર્સિટીઓમાં ઈમેલ દ્વારા ધમકીઓ મળી રહી છે. ત્યારે પાટણ અને રાજકોટમાં કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. બન્ને કલેક્ટર કચેરીઓના ઈમેલ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. સરકારી ઓફિસને બોમ્બની ધમકી મળતા જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવી છે અને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, પાટણ કલેક્ટરના મેઈલ આઈડી પર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પાટણ કલેક્ટર ઓફિસમાં ૩ વાગ્યે બોમ્બની ધમકી મળી હતી. જેને લઈને ૨૦૦થી વધુ કર્મચારીઓને કલેક્ટર ઓફિસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ધમકીને પગલે પોલીસનો કાફલો અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કલેક્ટર કચેરીના કેમ્પસમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

## વડોદરામાં રૂ.૫ લાખની રોકડ-સોનાની ચોરી કરનાર મહિલા સહિત બેની ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

બાળકો અને માતા-પિતાની સારસંભાળ માટે ઘરમાં કેરટેકર રાખનારાને ચેતવણીરૂપ ઘટના સામે આવી છે. ગુજરાતના વડોદરામાં એક પરિવારે પોતાના ઘરમાં રાખેલા કેરટેકર ઘરમાંથી ૫૦ હજાર રોકડા સહિત સોના-ચાંદીના દાગીના ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના મામલે પરિવારને જાણ થતાં કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મહિલા સહિત બે શખ્સની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના ડભોઇ વાઘોડિયા રિંગરોડ પર તીર્થક ટેનામેન્ટમાં રોશનભાઈ નામના વેપારીએ તેના સાસુ માટે કેરટેકર રાખ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ, ગત ૮ એપ્રિલના રોજ ધંધા પર જતા પહેલા સોનાનું કડુ પહેરવા માટે રોશનભાઈએ સાસુના રૂમમાં રહેલી તિજોરીમાં જોયું હતું.

## સુરતના BRTS રોડમાં ખાનગી વાહનોનું દૂષણ યથાવત

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

બીઆરટીએસ રૂટમાં ફરી એકવાર ખાનગી વાહનને કારણે ટ્રાફિકની સમસ્યા ભારે વકરી હતી. સુરતના ડુંભાલ વિસ્તારમાં બીઆરટીએસ રોડમાં બે બસ વચ્ચે સંખ્યાબંધ વાહનો આ રૂટમાં એક બસ બંધ પડી જતા તેની પાછળ બીજી બસ આવી હતી. આ બે બસ વચ્ચે મોટી સંખ્યામાં વાહનો ફસાયા હતા તેમને બહાર નીકળવા ભારે મુશ્કેલી પડી હતી. આને થોડું બહાર નીકળતા ટ્રાફિક સમસ્યા પર માઠી અસર થઈ હતી.સુરત પાલિકાના બીઆરટીએસ રૂટમાં ખાનગી વાહનો અટકાવવા સ્વીંગ ગેટના બદલે બીઆરટીએસ કોરીડોરમાં ગેરકાયદે વાહન અટકાવવા ટેકનોલોજીનો ઉપયોગ કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

